પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૦૮ • કુલ પાના : ૪ • તારીખ : ૩૦-૦૮-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બ્રિટનના વડાપ્રધાન બનવા માટે ભારતી મૂળના રિશિ સુનક અને લિઝ ટ્રૂસ વચ્ચે જંગ

## બ્રિટનનું વડા પ્રધાન પદ રિશિ સુનકથી દૂર થયું, હથિયારો હેઠા મૂકી સરકારમાં જોડાય તેવી સંભાવના વ્યકત કરાઈ

### ૫ સપ્ટેમ્બરે બ્રિટનની સત્તાધારી કન્ઝર્ર્વેટિવ પાર્ટી નવા નેતાની પસંદગી કરવાની છે

લંડન,

સૌથી પહેલાં આવેલા સર્વેમાં સુનકને ૨૬ ટકા જ્યારે ટ્રસને ૫૮ ટકા મત મળશે એવી આગાહી કરાઈ હતી. ટ્રસના મતમાં સતત વધારો થયો છે. છેલ્લે આવેલા સર્વેનું તારણ એ હતું કે, ૬૧ ટકા કાર્ડહોલ્ડર્સ ટ્રસને મત આપશે જ્યારે સુનકની તરફેણમાં ૩૯ ટકા મત પડશે. ટ્રસને ૨૨ ટકાની લીડ હતી ને આ લીડ નહીં તૂટે એવું લાગતાં સુનક ઢીલા પડી ગયેલા મનાય છે. બ્રિટનના વડાપ્રધાન બનવા માટે ભારતી મૂળના ષિ સુનક અને લિઝ ટ્રૂસ વચ્ચે જંગ જામ્યો છે. સુનક અને ટ્રૂસમાંથી કોણ હવે પછી બ્રિટનની ગાદી પર બેસશે તેનું કાઉન્ટડાઉન થરૂ થઈ ગયું છે. ૫ સપ્ટેમ્બરે બ્રિટનની સત્તાધારી કન્ઝર્ર્વેટિવ પાર્ટી નવા નેતાની પસંદગી કરવાની છે ત્યારે સુનકે આપેલા નિવેદને આશ્ચર્ય સર્જ્યું છે.

સુનકે કહ્યું છે કે, લિઝ ટ્રસ બોરિસ જોનસન કરતાં સારાં પ્રાઈમ મિનિસ્ટર સાબિત થશે. લિઝ ટ્રસ બ્રિટનનાં પ્રાઈમ મિનિસ્ટર બનશે તો પોતે તેમને સંપૂર્ણ સમર્થન આપશે અને હંમેશાં બ્રિટનના રાજકારણમાં પ્રથમ હરોળમાં જ રહેશે. આ પહેલાં સુનકે કહેલું કે પોતે પ્રાઈમ મિનિસ્ટર નહીં બને તો સરકારમાં નહીં જોડાય. બલ્કે સુનકે તો પ્રાઈમ મિનિસ્ટર રેસ ના જીતી શકે તો સાંસદપદ છોડી દેવાનો પણ સંકેત આપ્યો હતો.

લિઝ ટ્રસે પોતે સત્તામાં આવશે તો બ્રિટનમાં મોટા પાયે ટેકસ ઘટાડવાનું એલાન કર્યું છે તેની પણ સુનક આકરી ટીકા કરતા હતા. લિઝ ટ્રસ ટેક્સ ઘટાડશે તો બ્રિટન બરબાદ થઈ જશે એવા આકરા પ્રહાર સુનક કરતા હતા. હવે સુનકે અચાનક ગુલાંટ લગાવીને લિઝ ટ્રસને ટેકો આપવાની તથા સરકારમાં પણ જોડાવાની જાહેરાત કરી છે. તેના કરતાં પણ વધારે મહત્વની વાત એ છે કે, લિઝ ટ્રસ બોરિસ કરતાં સારાં પ્રાઈમ મિનિસ્ટર સાબિત થશે એવું કહ્યું છે. તેનું એવું અર્થઘટન કરાઈ રહ્યું છે કે, સુનકે ટ્રસ જ પ્રાઈમ મિનિસ્ટર બનશે એવું સ્વીકારી લીધું છે અને ચૂંટણી પહેલાં જ શરણાગતિ સ્વીકારી લીધી છે.

સુનકને પોતાની હારનો અંદાજ આવી ગયો છે. લગભગ તમામ ઓપિનિયન પોલ લિઝ ટ્રસની જીતની આગાહી કરી રહ્યા છે. એ છતાં સુનક પોતે જ જીતશે એવો દાવો કરીને ઝઝૂમ્યા કરતા હતા. લિઝ ટ્રસ સામે પ્રહારો કર્યા કરતા હતા. હવે અચાવક જ તેમણે સૂર બદલ્યો તેનો અર્થ એ થાય કે, સુનકે લિઝ ટ્રૂસ સામે પોતે જીતી નહીં શકે એવું માનસિક રીતે સ્વીકારવા માંડયું છે. આ કારણે જ જેનો ઉગ્ર વિરોધ કરતા હતા એ ટ્રૂસની ટેકસમાં કાપની દરખાસ્તને પણ ટેકો આપવાની તૈયારી બતાવી છે.

સુનકની જાહેરાતથી કન્ઝર્વેટિવ પાર્ટીમાં રાહતની લાગણી છે. સુનક અત્યંત આક્રમક બનીને પ્રહારો કરતા હતા તેના પરથી લાગતું હતું કે, સુનક હારી જશે તો બળવો કરી દેશે. એ પોતે સરકારમાં નહીં જોડાય અને સરકારની બહાર રહીને સરકારને ગબડાવવા માટે કાવતરાં કર્યા કરશે. હવે સુનકે ટ્રસને ટેકો આપી દેતાં કોઈ ડખો નહીં થાય એવું ટ્રસના સમર્થકોને લાગવા માંડયું છે. લિઝ ટ્રસ કોઈ પણ પ્રકારના વિરોધ વિના સત્તા ભોગવી શકશે એવું ટ્રસના સમર્થકો માને છે. સુનકે હથિયાર હેઠાં મૂકવાનો સંકેત આપ્યો તેનું કારણ ઓપિનિયન પોલનાં તારણ મનાય છે. ભારતમાં ઓપિનિયન પોલને કોઈ ગંભીરતાથી લેતું નથી કેમ કે આપણે ત્યાં ઓપિનિયન પોલના નામે ધૂપ્પલ ચાલે છે. અમેરિકા સહિતના દેશોમાં ઓપિનિયન પોલ મોટા ભાગે સાચા પડે છે કેમ કે સાયન્ટિફિક રીતે કરાય છે.

બ્રિટનમાં પ્રાઈમ મિનિસ્ટરપદે કોણ આવશે એ માટેની ચૂંટણી પ્રક્રિયામાં છેલ્લો તબક્કો કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્યું મતદાન છે. ભારતમાં મોટા ભાગના પ્રાદેશિક પક્ષો બાપીકી



પેઢીની જેમ ચાલે છે તેથી તેમાં નેતા કોણ હશે એ પહેલેથી નક્કી હોય છે. ભાજપ જેવા વંશવાદ પર નહીં ચાલતા પક્ષોમાં પણ ટોચના કેટલાક નેતા ભેગા મળીને સર્વોચ્ચ નેતા કોણ હશે એ નક્કી કરે છે. આ નિર્ણયમાં કાર્યકરોની કોઈ ભૂમિકા નથી હોતી પણ બ્રિટનમાં કાર્યકરો જ પક્ષના સર્વોચ્ચ નેતાની પસંદગી કરે છે. કન્ઝર્વેટિવ અને લેબર બંને પાર્ટીમાં આ સિસ્ટમ છે ને બંને પક્ષના કાર્યકરોને કાર્ડ અપાય છે, આ કાર્ડહોલ્ડર્સ મતદાન કરીને છેલ્લા બે ઉમેદવારોમાંથી કોને પ્રાઈમ મિનિસ્ટર બનાવવા એ નક્કી કરશે.

કન્ઝર્વેટિવ પાર્ટીના કાર્ડહોલ્ડર્સની સંખ્યા બે લાખ જેટલી છે. ૧ સપ્ટેમ્બરથી આ તમામ કાર્ડહોલ્ડર્સ મતદાન શરૂ કરશે. ૪ સપ્ટેમ્બર સુધી મતદાન ચાલશે અને ૫ સપ્ટેમ્બરે મતગણતરી કરીને સુનક અને ટ્રૂસમાંથી કોણ પ્રાઈમ મિનિસ્ટર બનશે એ નક્કી કરશે. આ કાર્ડહોલ્ડર્સના સર્વેના તારણો પહેલા દિવસથી લિઝ ટ્રસને બહુમતી મળશે એવો સ્પષ્ટ સંકેત આપતાં હતાં. પહેલા સર્વે પછી સુનકે આક્રમકતાથી પ્રચાર શરૂ કરેલો પણ કન્ઝર્વેટિવ પાર્ટીના કાર્ડહોલ્ડર્સને સમજાવવામાં સફળ ના રહ્યા. તેના કારણે એ પછી આવેલા તમામ સર્વેમાં લિઝ ટ્રૂસ જ આગળ રહ્યાં. બલ્કે લિઝ ટ્રૂસની લીડ વધતી જ જાય છે. સૌથી પહેલાં આવેલા સર્વેમાં સુનકને ૨૬ ટકા જ્યારે ટ્રસને ૫૮ ટકા મત મળશે એવી આગાહી કરાઈ હતી. ટ્રૂસની લીડમાં ક્રમશઃ વધારો થયો છે અને છેલ્લે આવેલા સર્વેનું તારણ એ હતું કે, ૬૧ ટકા કાર્ડહોલ્ડર્સ ટ્રસને મત આપશે જ્યારે સુનકની તરફેણમાં ૩૯ ટકા મત પડશે. ટ્રસને ૨૨ ટકાની લીડ હતી ને આ લીડ નહીં તૂટે એવું લાગતાં સુનક ઢીલા પડી ગયેલા મનાય છે.

સુનકને પોતે કન્ઝર્વેટિવ પાર્ર્ટીના કાર્યકરોને પોતાની તરફ નહીં વાળી શકાય એવું લાગ્યું તેનું કારણ તેમની આર્થિક નીતિઓ છે. કન્ઝર્વેટિવ પાર્ટીના કાર્યકરો રૂઢિચુસ્ત વિચારધારા ધરાવનારા છે. સરકાર લોકોને મદદ કરે, કરવેરા ઓછા રાખે અને ભાવો ના વધવા દે એવી આર્થિક નીતિમાં કન્ઝર્વેટિવ પાર્ટી માને છે. બોરિસ જોનસને તેનાથી વિપરીત બ્રિટનમાં ઉંચા કરની નીતિની તરફેણ કરી તેમાં તેમની સામે વિરોધ હતો ને તેમા પિચર સેક્સ કાંડ ઉમેરાયો તેથી તેમણે જવું પડયું. સુનક પણ આ જ નીતિની તરફેણ કરે છે તેથી કન્ઝર્વેટિવ પાર્ટીના કાર્યકરોને સુનક પસંદ નથી એવું મનાય છે.

બીજી તરફ ટ્રસ કરવેરા તો નીચા રાખવાની તરફેણમાં છે જ પણ બ્રિટિશ પરિવારોને સરકારી સહાયની તરફેણ પણ કરે છે. સુનક રાષ્ટ્રવાદની વાતો કરે છે, બ્રિટનને મહાન બનાવવાની વાતો કરે છે પણ લોકોને વધતી મોંઘવારી વચ્ચે કઈ રીતે બે છેડા ભેગા કરવા તેની તરફેણમાં છે. ટ્રસ લોકોની નાડ પારખીને એ બધું કરવાની તરફેણ કરે છે તેથી તેમનું પલ્લુ નમી ગયું છે. જો કે, સુનક માટે ખેલ ખતમ થઈ ગયો નથી. રાજકારણમાં ગમે ત્યારે ગમે તે થઈ શકે એ જોતાં છેલ્લી ઘડીએ સુનકની તરફેણમાં બાજી પલટાઈ શકે છે. પિક્ચર અભી બાકી હૈ દોસ્ત.

### રખડતા ઢોર મુદ્દે હાઈકોર્ટનું કડક વલણ

## ૨૪ કલાક ઢોર પકડવાની કામગીરી કરી ઢોરથી મુક્તિ અપાવવાનો આદેશ અપાયો

અમદાવાદ,

રખડતા ઢોર મુદ્દે ગુજરાત હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું છે. હાઈકોર્ટે રખડતા ઢોરની મુક્તિ અપાવવામાં સફળ ન થયેલ પ્રશાસનને ફટકાર લગાવી હતી. સાથે પાંચ સપ્ટેમ્બર સુધી ૨૪ કલાક ઢોર પકડવાની કામગીરી કરી ઢોરથી મુક્તિ અપાવવાનો પણ આદેશ આપ્યો હતો.



અમદાવાદ શહેરમાં પાંચ સપ્ટેમ્બર સુધી કોર્પોરેશનને ૨૪ કલાક ઢોર પકડવાની કામગીરી ચાલુ રાખવા કોર્ટે હુકમ કર્યો હતો. આજે રખડતા ઢોર મુદ્દે થયેલી અરજીઓ પર હાઈકોર્ટમાં સુનાવણી યોજાઇ હતી. જેમાં શહેરી વિકાસ વિભાગે હાઈકોર્ટમાં જવાબ રજૂ કર્યો અને રાજ્યમાં ૫૨ હજાર રખડતા પશુઓ હોવાનો સરકારે સ્વીકાર કર્યો હતો. સાથે જ તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને રખડતા ઢોરનો ત્રાસ ડામવા તત્કાલ પગલાં ભરવા અને રોજિંદો રિપોર્ટ રજૂ કરવા આદેશ કરાયા છે. અને ૪થી ૫ દિવસમાં નવા ઢોર વાડા ઉભા કરાશે તેવો દાવો કર્યો છે.

આ તરફ હાઈકોર્ટે સરકારને સવાલ કર્યો હતો કે વિધાનસભામાં બિલ પસાર કર્યું તો સરકાર અમલવારી કેમ નથી કરાવતી?..જેનો સરકારે જવાબ આપ્યો કે આ સરકારની વિચારણા હેઠળ છે. આ તરફ હાઈકોર્ટ એડવોકેટ એસોસિયેશનની રજૂઆત છે કે ઢોર પકડવા જતાં અધિકારીઓ અને કર્મચારીઓ પર હુમલા થાય છે. આ પ્રકારની હિંસાએ સદોષ માનવ વધનો પ્રયાસ ગણાય. આ પ્રકારના કિસ્સાઓમાં થતી FIRમાં IPC ૩૦૮, ૩૩૮ની કલમો લગાવવી જોઈએ. સાથે જ PASA હેઠળ કાર્યવાહી થવી જોઈએ. જો કે સરકારે માલધારીઓના બચાવમાં રજૂઆત કરતા કહ્યું કે હુમલાના કેસમાં ૩૩૮ની કલમ હેઠળ ફરિયાદ કે FIRની રજૂઆત વ્યાજબી, પણ સદોષ માનવ વધના પ્રયાસનો ગુનો નોંધવો એ વધારે પડતું ગણાશે. સરકારે કોર્ટને કહ્યું કે કોર્ટના તમામ નિર્દેશોને અમલ કરાવવા સરકાર કટિબદ્ધ તો કોર્ટે પૂછ્યું હતું કે એક કિસ્સો તો બતાવો કે જ્યાં કાયદાને હાથમાં લેનારાઓ સામે તમે કડક કાર્યવાહી કરી હોય? કોર્ટે વિધાન સભામાં પસાર થયેલું બિલ કોર્ટના રેકોર્ડ પર મૂકવા સરકારને આદેશ કર્યો હતો. તો કોર્ટે પોતાના હુકમમાં નોંધ્યું હતું કે શહેરમાં રખડતા ઢોરનો ત્રાસએ ડિસ્ટર્બ કરનારો અને એલાર્મિંગ છે. કોર્પોરેશને કામ કર્યાનો દાવો તો કર્યો પણ રસ્તા પર કામગીરી દેખાઈ નથી. હાઈકોર્ટે અમદાવાદ પોલીસ કમિશ્નરને આદેશ કર્યો કે શહેરના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં રખડતા ઢોરના ત્રાસને ડામવા માટે અને ઢોર રાખનારા માથાભારે તત્વો સામે શું કામગીરી કરી, કેવી અને કઈ કલમો હેઠળ ફરિયાદ નોંધી એની તમામ વિગતો, સાથે જ કોર્પોરેશનના ઢોર પકડવાની કામગીરી કરનાર કર્મચારીઓના પ્રોટેક્શન માટે શું કાર્યવાહી થઈ રહી છે એની વિગતો રજૂ કરવામાં આવે.સાથે જ રસ્તા પર પોતાના પશુઓ રાખી અને પૈસા લઈ ઘાસ વેચનારા તત્વો સામે કાર્યવાહી કરવા હાઈકોર્ટે કોર્પોરેશન અને પોલીસને હુકમ કર્યો હતો.

## રાજ્ય સરકારે આંદોલનોના ગુંચવાડાને ઉકેલવા માટે ૫ મંત્રીઓની કમિટી બનાવી

ગાંધીનગર,

રાજ્યમાં અવાર નવાર આંદોલનો જોવા મળે છે. ગુજરાતમાં વારંવાર વિવિધ માંગણીને લઈને અલગ-અલગ કર્મચારી યુનિયન, કિસાન આંદોલન, એલઆરડી પુરુષ ઉમેદવાર આંદોલન, આરોગ્ય કર્મચારીઓના આંદોલન, પૂર્વ સૈનિકોના આંદોલનને લઈને સરકાર ચિંતામાં જોવા મળી છે. ત્યારે સરકાર દ્વારા આ આંદોલનોના નિકાલ માતે પાંચ મંત્રીઓની કમિટીની રચના કરવાનો નિર્ણય કર્યો છે. આ કમિટીમાં રાજ્ય સરકારના પાંચ મંત્રીઓનો સમાવેશ કરવામાં આવશે. આ કમિટીમાં જીતુ વાઘાણી, ઋષિકેશ પટેલ, કનુ દેસાઇ, બ્રિજેશ મેરજા, હર્ષ સંઘવીનો સમાવેશ કરવામાં આવશે. આંદોલન માટે બનાવવામાં આવેલી કમિટીના મંત્રીઓની એક બેઠક મળશે. કમિટીમાં સમાવેશ કરવામાં આવેલા મંત્રીઓ દ્વારા આંદોલનના માર્ગે ગયેલા કર્મચારીઓનો ઉકેલ નિકાળી આંદોલનોને શાંત પાડવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે હાલમાં રાજ્યમાં કિસાન આંદોલન, એલઆરડી પુરુષ ઉમેદવાર આંદોલન, આરોગ્ય કર્મચારીઓના આંદોલન ચાલી રહ્યા છે. ત્યારે આ કમિટી દ્વારા તેમને શાંત પાડી અને યોગ્ય ઉકેલ લાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

## દિવાળી સુધીમાં મુંબઈ, દિલ્હી, કોલકાતા સહિતનાં દેશનાં મેટ્રો શહેરોમાં રિલાયન્સની 5G સર્વિસ શરૂ થઈ જશે

મુંબઇ,

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની એન્યુઅલ જનરલ મીટિંગ શરૂ ગઈ છે. કંપનીની ૪૫મી એન્યુઅલ જનરલ મીટિંગને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને એમડી મુકેશ અંબાણી વીડિયો-કોન્ફરન્સિંગ દ્વારા સંબોધિત કરી રહ્યા છે. રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ છથ્સમાં જણાવ્યું હતું કે દિવાળી સુધીમાં મુંબઈ, દિલ્હી, કોલકાતા સહિતનાં દેશનાં મેટ્રો શહેરોમાં 5G સર્વિસ શરૂ કરી દેવામાં આવશે.

મુકેશ અંબાણીએ કહ્યું હતું




કે અમારી કંપની વાર્ષિક રેવન્યુમાં ૧૦૦ અબજ ડોલરને પાર કરનારી ભારતની પ્રથમ કોર્પોરેટ બની છે. રિલાયન્સની કન્સોલિડેટેડ રેવન્યુ ૪૭ ટકા વધીને ૭.૯૩ લાખ કરોડ રૂપિયા અથવા ૧૦૪ અબજ ડોલર થઈ છે. રિલાયન્સની વાર્ષિક કન્સોલિડેટેડ અબિટડા ૧૨૫ લાખ કરોડના મહત્ત્વપૂર્ણ લેવલને પાર કરી ગઈ છે.

મુકેશ અંબાણીએ કહ્યું હતું કે વિશ્વના કેટલાક ભાગમાં ગંભીર તણાવ છે. આવી આર્થિક અને રાજકીય અસ્થિરતાની વચ્ચે ભારત મજબૂત ઊભું છે. હું વડાપ્રધાન પીએમ અને નાણામંત્રી નિર્મલા સીતારમણને અભિનંદન આપું છું. અગાઉ પણ ૨૦૧૬, ૨૦૧૯ અને ૨૦૨૧માં ૬૫ વર્ષીય ઉદ્યોગપતિ મુકેશ અંબાણી એજીએમમાં મોટી જાહેરાતો કરી ચૂક્યા છે. એમાં ટેલિકોમ સર્વિસ લોન્ચ, સાઉદી અરબ ઓઈલ કોર્પોરેશનનું રિલાયન્સ એનર્જી બિઝનેસમાં પ્રસ્તાવિત રોકાણ અને ગ્રીન એનર્જી પ્લાનની જાહેરાત સામેલ છે. મુકેશ અંબાણીનાં ત્રણેય બાળક-દીકરી ઈશા અને દીકરો આકાશ તથા અનંત પહેલેથી જ ગ્રુપની નોન-લિસ્ટેડ કંપનીઓમાં ડિરેક્ટર તરીકે કાર્યરત છે. જૂનમાં અંબાણીએ રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિ.ના ચેરમેનપદેથી રાજીનામું આપ્યું હતું. એ પછી એની કમાન તેમના મોટા દીકરા આકાશને સોંપાઈ હતી.

### ભાજપનો કેજરીવાલ સરકાર પર મોટો આક્ષેપ

## ટોઈલેટને ગણાવી દીધા ક્લાસરૂમ, સરકાર બાળકોના ભવિષ્ય સાથે રમી રહી છે : ગૌરવ ભાટીયા

નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટીએ એકવાર ફરીથી દિલ્હી સરકાર પર સવાલ ઉઠાવ્યા છે અને નવી આબકારી નીતિમાં કૌભાંડ બાદ દિલ્હીમાં શિક્ષણ વિભાગમાં કથિત કૌભાંડનો આરોપ લગાવ્યો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ આજે પ્રેસ કોન્ફરન્સ કરીને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર નિશાન સાધ્યું અને કહ્યું કે દિલ્હીમાં આપ નહીં 'પાપ'ની સરકાર છે.

દિલ્હીમાં આબકારી બાદ શિક્ષણ કૌભાંડ-ભાજપભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કહ્યું કે દિલ્હીમાં આબકારી નીતિમાં કૌભાંડ બાદ શિક્ષણમાં પણ કૌભાંડ થયા છે અને શિક્ષણને લઈને દિલ્હી સરકારના



દાવા ખોટા છે. તેમણે કહ્યું કે આપના ચૂંટણી ઢંઢેરામાં દિલ્હીમાં ૫૦૦ નવી શાળાઓનું વચન આપવામાં આવ્યું હતું. નવી શાળાઓ ન બની, પરંતુ પૂર્વ નિયોજિત રીતે તેમણે પીડબલ્યુડી પાસે રિપોર્ટ માંગ્યો. અરવિંદ કેજરીવાલના કહેવા પર રજૂ કરાયેલા રિપોર્ટમાં કહેવાયું છે કે વધારાના ક્લાસરૂમ બનશે અને નવી શાળાઓ નહીં બને."

ગૌરવ ભાટિયાએ કહ્યું કે દિલ્હી સરકાર બાળકોના ભવિષ્ય સાથે રમી રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે કેજરીવાલ સરકારે ટોઈલેટને ક્લાસરૂમ ગણાવી દીધા. ગૌરવ ભાટિયાએ કહ્યું કે 'અમે તમારી સામે પહેલા મોટી પ્રાથમિકતાથી દિલ્હી સરકારના આબકારી કૌભાંડને સામે રજૂ કરતા આવ્યા છીએ. અરવિંદ કેજરીવાલે દિલ્હી સરકારના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનને કટ્ટર ઈમાનદાર તરીકેનું સર્ટિફિકેટ આપ્યું હતું, તેઓ ત્રણ મહિનાથી જેલમાંથી અને હજુ સુધી મંત્રી પદથી હટાવવામાં આવ્યા નથી.'

ગૌરવ ભાટિયાએ દિલ્હી સરકાર પર આરોપ લગાવતા કહ્યું કે, 'કેજરીવાલ સરકારે ૫૦૦ શાળાઓ બનાવવાનું વચન આપ્યું હતું તે શાળાઓ તો બની નહીં. શાળાઓમાં ૨૪૦૦ રૂમની જરૂર હતી, પરંતુ તેને વધારીને ૭૧૮૦ કરવામાં આવી અને ખર્ચને વધારવામાં આવ્યો, જેનાથી નફાખોરી થઈ શકે.' તેમણે વધુમાં કહ્યું કે 'એક અંદાજા મુજબ ૩૨૬ કરોડ રૂપિયાથી ખર્ચ વધારવામાં આવ્યો. જે ટેન્ડરની કિંમતથી ૫૩ ટકા વધુ છે અને ૪૦૨૭ ક્લાસરૂમ જ બન્યા. શું આ કાળું નાણું કેજરીવાલની તિજોરીમાં આવ્યું?'

## રાફેલ પર ફરીથી તપાસ નહીં થાય : સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે રાફેલ મામલામાં પુનઃ તપાસની માંગ કરતી અરજીને ફગાવી દીધી છે. અરજીમાં તે રિપોર્ટના આધારે પુનઃ તપાસની માંગ કરવામાં આવી હતી જેમાં ફ્રાન્સના કેટલાક ન્યૂઝ પોર્ટલ પર દાસોલ્ટ એવિએશન દ્વારા આ મામલે ભારતીય મધ્યસ્થીઓને લાંચ આપવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. વાસ્તવમાં, વરિષ્ઠ વકીલ એમએલ શર્મા દ્વારા જાહેર હિતની અરજીમાં, ફ્રાન્સની ન્યૂઝ વેબસાઈટ પર પ્રકાશિત થયેલા કેટલાક અહેવાલોના આધારે રાફેલ કેસની ફરીથી તપાસની માંગ કરવામાં આવી હતી. ન્યૂઝ પોર્ટલમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ડસોલ્ટ એવિએશને રાફેલ ડીલમાં ભારતીય વચેટિયાને મોટી રકમ આપી હતી. ભારતના મુખ્ય ન્યાયાધીશ યુયુ લલિતની આગેવાની હેઠળની બેન્ચે એડવોકેટ એમએલ શર્મા દ્વારા દાખલ કરેલી પીઆઈએલને ફગાવી દેતા કહ્યું હતું કે "આ મામલામાં કોર્ટ દ્વારા દખલગીરી માટે કોઈ કેસ બનાવવામાં આવતો નથી". આ કેસમાં પોતાનો પક્ષ રજૂ કરતી વખતે એડવોકેટ શર્માએ કોર્ટમાં અપીલ કરી છે અને કહ્યું છે કે એક દિવસ એવો આવશે જ્યારે દરેક વ્યક્તિ અસહાય અનુભવશે. તેમણે કહ્યું કે ભ્રષ્ટાચાર પર સવાલ ઉઠાવવા કોઈ આગળ આવ્યું નથી. તેના પર ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ કહ્યું કે અમે પહેલા જ આદેશ પસાર કરી ચુક્યા છીએ.

## નવા ચીફ જસ્ટીસ પદ સંભાળતા જ એકશનમાં : ૯૦૦ અરજીઓનું લિસ્ટ બનાવ્યું

નવીદિલ્હી,

ચીફ જસ્ટીસ તરીકે ચાર્જ સંભાળતા જ જસ્ટીસ યુ.યુ.લલીત પહેલા દિવસથી જ એકશનમાં જોવા મળ્યા હતા. પહેલા દિવસે જ તેમણે જુદી જુદી ૯૦૦ જેટલી અરજીઓનું લિસ્ટ બનાવ્યું હતું. તેમણે ૧૫ બેન્ચમાં દરેકને ૬૦-૬૦ કેસ સોંપ્યા છે. મતલબ, ૯૦૦ કેસની સુનાવણી થશે અને આ અરજીઓના નિકાલ માટે સવારે ૧૦.૩૦ થી સાંજે ૪ વાગ્યા સુધી અધિકતમ ૨૭૦ મીનીટનો અધિકૃત વ્યાવસાયિક સમય મળશે.

આ અરજીઓમાં કર્ણાટકનો હિજાબ વિવાદ કેરળના પત્રકાર સિદીકી કપ્પનના જામીન, ગૌતમ નવલખા સહિત અનેક કેસો સામેલ



છે. ઉલ્લેખનીય છે કે જસ્ટીસ યુ.યુ.લલીતે શનિવારે દેશના ૪૯માં ચીફ જસ્ટીસ તરીકે શપથ લીધા હતા અને આજે તેમણે પ્રથમ દિવસે જ અસરકારક શરૂઆત કરી છે.

ઉલ્લેખનીય છે કે નવા ચીફ જસ્ટીસ બનેલા યુ.યુ.લલીત અગાઉ સુપ્રીમ કોર્ટના અનેક ઐતિહાસિક ફેસલાનો ભાગ રહ્યા છે. ત્રણ તલાકને ગેરબંધારણીય કરાવનારી પાંચ સભ્યોની સંવિધાન પીઠના પણ તેઓ સભ્ય હતા. જસ્ટીસ લલિતની અધ્યક્ષતાવાળી એક પીઠે ત્રાવણકોરના તત્કાલીન શાહી પરિવારને કેરળના ઐતિહાસિક પદ્મનાભ મંદિરની વ્યવસ્થા કરવાનો અધિકાર આપ્યો હતો.

આ મંદિર ભારતના સૌથી અમીર મંદિરો પૈકીનું એક છે.જસ્ટીસ લલિતની પીઠે જ 'સ્કીન ટુ સ્કીન ટચ' (ચામડીનો સ્પર્શ) પર ફેસલો આવ્યો હતો કે કોઈ બાળકના યૌન અંગોને સ્પર્શવા કે 'યૌન' ઈરાદાથી શારીરિક સંપર્કનું કૃત્ય પોકસો જોગવાઈ મુજબ 'યૌન હુમલો' જ ગણાશે.

## રાજસ્થાનના રાજ્યપાલે સંઘના પ્રચારકના વ્યાસાસને પાંચ દિ'નો ધાર્મિક કાર્યક્રમ રાખતા વિવાદ

જયપુર,

રાજસ્થાનના રાજ્યપાલ કાલરાજ મિશ્રાએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારકના વ્યાસસને રાજભવનમાં રામકથા રાખતા વિવાદ સર્જાયો છે. રાજસ્થાન રાજભવનમાં રામકથાનું આયોજન પ્રથમ વખત કરવામાં આવ્યું હતું. સતાધારી કોંગ્રેસ દ્વારા આ મામલે કોઈ ટીપ્પણી કરવામાં આવી નથી. પરંતુ નાગરિક સ્વતંત્રતા ક્ષેત્રે કાર્યરત સંગઠને એવો આરોપ મુક્યો છે કે કોંગ્રેસ સરકારનું માહિતી-પ્રસારણ મંત્રાલય જ આ કાર્યક્રમનો પ્રચાર કરે છે. ભાજપે પણ કોઈ ટીપ્પણી કરી નથી પરંતુ પાર્ટીના નેતાઓ પ્રથમ દિવસે રામકથામાં હાજર રહ્યા હતા. રાજભવનમાં કથાકાર વિજય કૌશલ બપોરે ૪ થી ૭ કથાવાંચન કરે છે. પાંચ દિવસની રામકથા છે. કથાકાર વિજય કૌશલ ઉતરપ્રદેશના વૃંદાવનના છે અને અગાઉ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક હતા. યુ ટ્યુબ ચેનલ પર તેનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવી રહ્યું છે. સામાન્ય લોકોને પણ રાજભવન કથામાં જવાની છૂટ છે. જો કે, ઓળખકાર્ડ સાથે રાખવું પડે છે. કથા પૂર્વે રાજ્યપાલ કાલરાજ મિશ્રાએ ભગવાન રામ તથા રામચરિત માનસની પૂજા પણ કરી હતી. ભક્તિ કલા પ્રદર્શનનું ઉદઘાટન પણ કર્યું હતું.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહિસાગર જીલ્લા પંચાયત ખાતે આરોગ્ય કર્મીઓને હડતાલના ૨૨ દિવસે કોરોનામાં જીવ ગુમાવનાર ૬૧ કર્મીઅને શ્રધ્ધાંજલી અપી

મલેકપુર,

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ ના આદેશ અનુસાર આજ રોજ મહીસાગર જીલ્લા આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા મહીસાગર જીલ્લા પંચાયત ખાતે આરોગ્ય કર્મચારીઓ ભેગા થઈને અચોક્કસ મુદતની હડતાલના ૨૨માં દિવસે કોરોના મહામારી દરમિયાન ગુજરાત રાજ્યમાં ૬૧ કર્મચારીઓ કોરોના દર્દીની સેવા આપતા આપતા પોતાનો જીવ હોમી દીધો છે. તેવા કર્મચારી ભાઈ બહેનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી અને આરોગ્યની મુખ્ય ચાર કેડર મલ્ટી પર્પજ હેલ્થ વર્કર ફિમેલ હેલ્થ વર્કર મલ્ટીપર પઝ હેલ્થ સુપરવાઈઝર અને ફિમેલ હેલ્થ સુપરવાઈઝર ની મુખ્ય ત્રણ


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

માંગણીઓ જેમ કે, (૧) ટેકનિકલ ગણી ટેકનિકલ પગાર ધોરણ આપવો કે પગાર વિસંગતતા દૂર કરવી આ ઉપરાંત (૨) ગુજરાત રાજ્ય ના આરોગ્ય કર્મચારીઓએ કોરોના કાળ દરમિયાન જાહેર રજા અને રવિવાર આમ કુલ ૧૩૦ દિવસ રજાના દિવસે કામ કરેલું તેનો રજા પગાર અને કોરોના વોરિયર્સ તરીકેનું પગાર ભથ્થું આપવા બાબત તેમજ (૩)આરોગ્ય કર્મચારીઓને ૦ કી.મી. પી.ટી.એ. એટલે કે ફેરણીની ભથ્થું આપવું આમ આ ત્રણ માંગણીઓને લઈને ગુજરાત રાજયના પંચાયતના આરોગ્ય કર્મચારીઓ ૮ તારીખથી અચોક્કસ મુદતને હડતાલ પર છે. આજે હડતાલનો ૨૨ મો દિવસ હોવા છતાં સરકારશ્રી દ્વારા કોઈપણ હકારાત્મક વલણ ન દાખવતા આખરે કર્મચારીઓ ત્રણ ત્રણ હડતાલની નિરાશા બાદ અને સરકારે લેખિતમાં અને મૌખિકમાં બાયધરી આપવા છતાં કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ ન આવતા આ ચોથી હડતાલમાં કર્મચારીઓ જ્યાં સુધી જી.આર. ન થાય ત્યાં સુધી લડવા માટે તૈયાર છે અને ગાંધીજીના માર્ગે આંદોલન ચાલુ જ છે.

# સંતરામપુર PDC બેંકમાં વ્યવસ્થાના અભાવે નાણાં ઉપાડવા ભારે ભીડ

સંતરામપુર,

સંતરામપુર પંચમહાલ ડિસ્ટ્રીક બેંક વ્યવસ્થાનો અભાવ. સંતરામપુર પંચમહાલ ડિસ્ટ્રીક બેંકમાં નાણાં ઉપાડવા માટે ભારે ભીડ જોવા મળતી હોય છે. સંતરામપુર તાલુકાના ખેડૂત ખાતેદારોના મહિનામાં પાંચ થી છ વખત પંચમહાલ ડિસ્ટ્રિક્ટ બેંકમાં પગાર કરવામાં આવતો હોય છે. સંતરામપુર તાલુકાના તમામ ખેડૂત ખાતેદારો ડેરીમાં દૂધ ભરતા હોય છે. ડેરીનો તમામ પગાર ખેડૂતોના ખાતામાં જમા થતો હોય છે, પરંતુ તમામ ખેડૂતોનું એક જ થવાના કારણે તમામ ખેડૂતોની અહીંયા ભીડ અને ઘસારો જોવા મળતો હોય છે. કેટલાક ખેડૂતોને તો માત્ર ૧,૦૦૦ થી રૂા. ૫૦૦ લેવા માટે બે ત્રણ કલાક બેસી રહેવું પડતું હોય છે


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

અને ભારે મુશ્કેલીને હાલાકી ભોગવી પડતી હોય છે. આના કારણે પંચમહાલ ડિસ્ટ્રિક બેંકની આગળ જ આશરે ૫૦૦ જેટલા ખેડૂતોનો બહાર જ ભીડ અને ટોળું જોવા મળતું હોય છે. એક જ બેંકમાં પગાર થવાના કારણે અને ખાતામાં રકમ જમા થવાના કારણે ઉપડવા માટે ભીડ જોવા મળતી હોય છે. સવારથી બેંક ખુલતા પહેલા જ ગામના ખેડૂતો બેંકમાં નાણા ઉપાડવા માટે લાઈનમાં અને ટોળા જોવા મળતા હોય છે. રોડ સુધી ખેડૂતો ભેગા થઈ જતા હોય છે. જેના કારણે ટ્રાફિક સમસ્યા પણ બનતી હોય છે અને પંચમહાલ ડિસ્ટ્રીક બેંકમાં ખાતેદારોને બેસવા માટે કોઈપણ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલી જ નથી. આના કારણે આજુબાજુના દુકાનદારોના ઓટલા ઉપર અને કલાકો સુધી ઉભો રહેવું પડતું હોય છે. આવી ગંભીર પરિસ્થિતિ ખેડૂતો માટે મુશ્કેલી ઉભી થયેલી છે. પંચમહાલ ડિસ્ટ્રીક બેંકમાં તમામ ખેડૂતોનો પગાર પંચમહાલ ડેરીના એજન્સીઓ નાણા જમા કરાવવા માટેનું અને અન્ય સંખ્યાબંધ ખાતેદારો અને કામગીરી હોવાના કારણે હાલાકી ભોગવવાનો વારો આવેલો છે. પંચમહાલ ડિસ્ટ્રીક બેંક દ્વારા વ્યવસ્થાના અભાવે ભારે હાલાકી ભોગવવાનો વારો આવેલો છે.

# શહેરામાં ગણેશ મહોત્સવને લઈ ભકતોમાં ભારે ઉત્સાહ

શહેરા,

શહેરા સહિત સમગ્ર જીલ્લામા આવનાર ગણેશ મહોત્સવને લઈને ગણેશ ભક્તોમાં અનેરો આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. જ્યારે શહેરા મેઈન બજારમાં ઈકો ફ્રેન્ડલી શ્રીજી પ્રતિમાનું આગમન થવા સાથે પ્રથમ વખત આવેલા મહારાષ્ટ્રના ઢોલ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ગણેશ ચતુર્થીના દિવસો બાકી છે. ત્યારે ગણેશજીના


તસ્વીર : તુષાર દરજી, શહેરા

પ્રતિમાઓનું ભવ્ય આગમન થઈ રહ્યું છે. જ્યારે શહેરા નગરમાં મેઈન બજાર નવયુવક મંડળ દ્વારા ઈકોફ્રેન્ડલી શ્રીજી પ્રતિમાનું આ વખતે અંબાજીના મંદિર ખાતે સ્થાપના કરવામાં આવનાર છે. જેને લઈને દુધાળા દેવનું આગમન થતા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મહાલક્ષ્મી મંદિરથી મુખ્ય બજારમાં આવેલ અંબાજી મંદિર સુધી શ્રીજીના આગમનની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આટલા વર્ષોમાં પ્રથમ વખત મુંબઈના પ્રસિદ્ધ ઢોલના અવાજથી સમગ્ર નગર ગૂંજી ઉઠવા સાથે ગણેશ ભક્તોએ ગણપતિ બાપાના મોરીયાના નારા લગાવ્યા હતા. જેમાં ભવ્ય આતશબાજીની સાથે સાથે લાઈટનો ભવ્ય શો યોજાયો હતો. સાથે બાળકોમાં મોટુ પટલુ પણ ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સાથે મુબઈના પ્રખ્યાક મી ઉનરકર ઢોલત્રાલા આકર્ષણનું કેદ્ર બન્યા હતા. મોટી સંખ્યામાં નગરજનો સહિત જિલ્લા માંથી પણ અનેક લોકો આ શ્રીજીના ભવ્ય આગમનમાં જોડાવા સાથે ઢોલના તાલે ઝૂમતા પર નજરે પડ્યા હતા. જ્યારે મુંબઈથી ૫૦ જેટલા ઢોલ વગાડવા વાળા આવ્યા હતા, તેમાંથી અમુક મહિલાઓ પણ હસતા ચહેરે ઢોલના તાલ આપી રહી હતી અનેક લોકોએ આ ભવ્ય શ્રીજીના આગમનના વિડિયો ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરતા ભારે પ્રતિસાદ મળ્યો હતો.

# સંતરામપુર તાલુકાના ગોધર ગામે સારથી સંસ્થામાં એક દિવસીય પ્રાકૃતિક તાલીમ કાર્યક્રમ યોજાયો



લુણાવાડા,

તા.૨૯/૦૮/૨૦૨૨ ના રોજ પ્રાયોજના વહીવટદાર કચેરી અને આત્મા પ્રોજેક્ટ મહીસાગર ના સહયોગથી સંતરામપુર તાલુકાના ગોધર ગામે સારથી સંસ્થામાં એક દિવસીય પ્રાકૃતિક તાલીમ કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રાયોજના વહીવટદારની કચેરીમાંથી વાય.ડી. બામણીયા અને મિતુલભાઇ તાવિયાડ તેમજ આત્મા પ્રોજેક્ટ ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયેક્ટર એન.એમ. પટેલ અને મનિષભાઈ વી. પરમાર ઉપસ્થિત રહેલ હતા. તેમજ નોડલ સંયોજક પ્રાકૃતિક કૃષિ પ્રદીપસિંહ પુવાર તેમજ જીલ્લા સંયોજક અને તાલુકા સંયોજક હાજર રહી પ્રાકૃતિક કૃષિનું માર્ગદર્શન પુરૂ પાડેલ હતું. મણીભાઈ પટેલ પ્રાકૃતિક ખેતીની પ્રાથમિક માહિતી આપેલ હતી. તેમજ તાલુકા સંયોજક દ્વારા પ્રાકૃતિક કૃષિના ચાર આધાર સ્તંભ વિશે માહિતી અને માર્ગદર્શન પૂરૂ પાડેલ હતું. ખેડુતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને જમીન અને પર્યાવરણ બચાવીને આવનારી પેઢીને રોગમુક્ત બાનાવીએ. અને આપણી ધરતીમાતાની ફળદ્રુપતા જાળવી રાખીએ તે માટે પ્રાકૃતિક ખેતી તરફ વળવા અને વાળવા માટે જણાવ્યું. આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતી પદ્ધતિની માહિતી આપવામાં આવી. કાર્યક્રમ અંતમાં હલકા ધાન્ય પાકના બિયારણ નિદર્શન જેવા કે બંટી, બાવટો, કોદરી હરી કાંગ, રાગી અને સામોનું સ્ટેજ પરના મહાનુભાવો દ્વારા વિતરણ કરવામાં આવેલ હતું.

# લુણાવાડા પાંજરાપોળ ફળિયામાં ગંદકીને લઈ રહિશો ત્રાહિમામ

લુણાવાડા,

લુણાવાડા નગરના પાંજરાપોળ ફળિયા વિસ્તારમાં જાહેર રસ્તા પર ગંદકી અને દુર્ગંધ મારતા શૌચાલયને કારણે સ્થાનિક રહિશો ત્રાહિમામ પોકારી ગયા છે. રહિશોની અનેક રજુઆતો બાદ પણ કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા પાલિકા તંત્રના વહીવટ સામે ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે.

લુણાવાડા નગરપાલિકા દ્વારા પાંચ થી છ વર્ષ પહેલા આર.સી.સી.રસ્તા બનાવ્યા હતા. જેની ઉંચાઈ વધતા પાંજરાપોળ વિસ્તારમાં ફળિયામાં નાંખેલા પથ્થરોનો રોડ નિચાણમાં જતો રહ્યો છે જેથી ચોમાસામાં વરસાદના કારણે જાહેર શૌચાલય, ઉકરડા અને રસ્તાનુ પાણી ફળિયામાં ભરાઈ જાય છે. ગંદકી અને કચરો જામતા રહિશોને ખુબ જ પરેશાની ભોગવવાનો વારો આવ્યો છે. ફળિયાની બહાર આવેલા જાહેર શૌચાલયને કારણે સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ ફેલાવવા સાથે અન્ય પરેશાનીઓ પણ સહન કરવી પડે છે. જાહેર શૌચાલયને કારણે ફળિયાની મહિલાઓ અને યુવતીઓને કયારેક શરમજનક પરિસ્થિતિમાં મુકાવવુ પડે છે. જેથી સ્થાનિક રહિશો દ્વારા આ શૌચાલય દુર કરી ફળિયામાં પણ આર.સી.સી.રોડ બનાવી આપવા માંગ કરાઈ છે.

# વળગાડ કોને કહેશો?


જીજ્ઞા કપુરીયા (નિયતી)

'વળગાડ' આ એક એવો શબ્દ છે કે એ સાંભળતા જ આપણને ભૂતપ્રેતની યાદ આવી જ જાય છે. ભૂત અને પ્રેતનાં વશમાં થવું એનું નામ "વળગાડ". શું આ શક્ય છે ? આજનાં આ આધુનિક જમાનામાં જ્યારે વિજ્ઞાન આટલું આગળ છે ત્યારે આ બધી બાબતો પર વિશ્વાસ કરવો ખૂબ જ મુશ્કેલ છે પણ, જ્યારે આપણી આસપાસ એવો કોઈ કિસ્સો બને છે ત્યારે જાણેઅજાણે આપણે એમને માનવાં પડે છે.

મારી જાણમાં એક કિસ્સો છે જે હું અહીંયા કીધા વગર નથી રહી શકતી. મારા એક પરિચિતને ત્યાં લગ્ન હતા. લગ્નની દોડધામ રાત સુધી ચાલી ત્યારે એમની દીકરી હાથમાં મહેંદી મૂકેલી અને તે સામેના બંગલામાંથી રાતનાં પોતાનાં ઘરે આવતી હતી. ત્યારે એને કંઈ એવું જોઈ લીધુ કે એ ડરી ગઈ અને ઘરે આવીને કોઈને કંઈપણ કીધા વગર સૂઈ ગઈ. બીજે દિવસે એનાં લગ્ન પણ થઈ ગયા. પણ લગ્નની રાતે અચાનક એના નાક, કાન, મોઢાંમાંથી બધેથી એસિડ નીકળવાં લાગ્યું અને એની દર્દ ભરી ચીખોથી આખું ઘર ગાજી ઊઠ્યું. શું કરવું એ કોઈને ખબર પડે જ નહીં. બીજે દિવસે સવારે ડોક્ટર પાસે લઈ ગયા. ત્યાં સુધીમાં તો એસિડે એનું કામ કરી નાખ્યું હતુ. એનું આખુ મોઢું બળી ગયું. ડોક્ટરને પણ કાંઈ ખબર પડે નહીં કે શું થઈ રહ્યું છે તો દવા શું આપે ? કેટલી જાતના ટેસ્ટ કર્યા પણ કાંઈ પરિણામ આવ્યું જ નહીં. છોકરી રાતે સૂતી હોય તો અચાનક એસિડ નીકળવાં લાગે અને ગાદલું પણ સળગી ઊઠે, એટલે હવે તેને નીચે સુવડાવવાનું ચાલુ કર્યું. રૂપરૂપનાં અંબાર જેવી દીકરી કદરૂપી થઈ ગઈ. એસિડે બધું જ એનું રૂપ છીનવી લીધું. ત્યારે કોઈએ સલાહ આપી કે હનુમાનજીના મંદિરે જઈને ઘંટ બાંધો. ત્યારે ઘરનાં લોકોએ પણ કોઈ રસ્તો ન સુઝતાં ભગવાનના શરણે જવું વધારે માન્ય રાખ્યું. હનુમાજીના દર્શન કરીને જાણે એનું ભૂત ભાગી ગયું અને એ જ દિવસથી એસિડ નીકળવાનાં બંધ થઈ ગયાં. આને તમે શું કહેશો વળગાડ ? આનો વિજ્ઞાન પાસે કોઈ જવાબ નથી પણ મિત્રો મને તમને એક સવાલ પૂછવાનું મન થાય છે કે આ તો એક વ્યક્તિનો વળગાડ હતો પણ, આપણા દેશમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ રૂપી વળગાડ તો બધે જ વળગી પડ્યો છે તેનું શું? આપણે એ વળગાડનાં ગુલામ થઈ ગયાં છીએ. આપણે એમની સંસ્કૃતિ અપનાવતા જઈએ છીએ અને એટલે જ આપણે દિવાળી ને બીજા તહેવારો ભૂલીને અને વેલન્ટાઈન ડે ઉજવતાં થઈ ગયા છે. ચોપડા પૂજનને બદલે ક્લબ પૂજન કરતાં થઈ ગયાં છે અને પ્રાશ્ચાત્ય સંસ્કૃતિમાં આપણો યુવા વર્ગ એટલો બધો આગળ નીકળી ગયો છે તેમને ક્લબમાં ફરવું, હુક્કા પાર્લર, પ્રેમ સંબંધ લગ્ન પહેલા કે લગ્ન પછી કાંઈ ફરક પડતો જ નથી. હવે તો કિટી પાર્ટીનાં પણ રંગ બદલાઈ ગયાં છે. કપલકીટીમાં પણ ગોરખધંધા ચાલુ થઈ ગયા છે આ વિશે આપણે વિધારે ચર્ચા નહીં કરીએ. પણ પ્રાશ્ચાત્ય સંસ્કૃતિનો વળગાડ એટલો બધાં વધી ગયો છે કે આપણુ યુવાધન એમાં બરબાદ થઈ રહ્યું છે હવે તો ઊલટી ગંગા વહેવા લાગી છે. પશ્ચિમી દેશોને આપણી સંસ્કૃતિમાં રસ પડવા લાગ્યો, આપણા ભગવાનમાં પણ એમને રસ પડવા લાગ્યો છે. આનુ ઉદાહરણ એટલે "ઈસ્કોન સંપ્રદાયઃ (હરે રામા હ કૃષ્ણ મંદિરવાળા.) આ સંપ્રદાયમાં આપણા સ્વદેશી કરતાં વિદેશી અનુયાયીઓ વધારે છે. એ લોકો કૃષ્ણના રંગમાં રંગાઈને કૃષ્ણમય જીવન વ્યતીત કરે છે. શું આને તમે વળગાડ નહીં કહો ? કૃષ્ણ તલ્લીન થઈને નાચવું-ઝૂમવું ભજન-કીર્તન કરવા શું એ વળગાડ નથી? આ સંપ્રદાયના લોકોએ જ આપણી ભગવદ્ગીતાનો ફેલાવો કર્યો પણ આપણે આપણી જ સંસ્કૃતિથી પર થઈ પ્રાશ્ચાત્ય સંસ્કૃતિનાં ગુલામ બનીને બેઠા છીએ. એ લોકો સાડી પહેરવાં લાગ્યાં છે અને આપ એમનો બેહુદો પહેરવેશ અપનાવી લીધો છે. રોટલાની જગ્યા પિઝા અને બગરિ લઈ લીધાં છે. આપણા બાળકો જંકફુડ ખાતા થઈ ગયા આપણે વિદેશી સંસ્કૃતિમાં એટલા તો રંગાઈ ગયાં છે અને અંગ્રેજી ગુલામ બની બેઠાં છીએ. આમાં આજના માતાપિતાનો પણ ખૂબ મોટો ફાળો છે. આજે પોતાનું બાળક અંગ્રેજી માધ્યમમાં ભણે તો ખૂબ ગૌરવની વાત ગણે છે પણ આજનાં વાલીઓને મારો એક સવાલ છે તમે તમારા બાળકને ભલે અંગ્રેજી ભાષામાં ભણાવો પણ પોતાની માતૃભાષાથી પર ન કરો. આપણી માતૃભાષા પણ એમને શિખવાડો નહીંતર એ દિવસ દૂર નથી જ્યારે આપણી માતૃભાષા તદન ભૂલાઈ જશે અને અંગ્રેજી જ આપણી માતૃભાષા થઈ જશે.

# ચૂંટણી વિભાગ દ્વારા મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત વિશેષ ઝુંબેશ

ગોધરા,

ભારતના ચૂંટણી પંચ નવી દિલ્હી દ્વારા તા.૧.૧૦.૨૦૨૨ની લાયકાતની તારીખનાં સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. તા.૧૨/૦૮/૨૦૨૨ થી તા.૧૧/૦૯/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ અમલમાં મુકેલ છે.

પંચમહાલ જિલ્લામાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ તા. ૧૨.૦૮.૨૦૨૨ થી શરૂ થયેલ છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા આગામી ૪-રવિવાર ખાસ ઝુંબેશ તરીકે નક્કી થયેલ છે, તે અંતગર્ત તા.૨૮/૦૮/૨૦૨૨નાં રોજ દરેક બી.એલ.ઓ. તેમના બુથ પર સવારે ૧૦ વાગ્યા થી સાંજે ૫ વાગ્યા સુધી ફોર્મ સ્વીકારવા/ભરવા હાજર રહેલ હતા.

તા.૨૮/૦૮/૨૦૨૨નાં રોજ ખાસ ઝુંબેશના દિવસે અત્રેના પંચમહાલ જિલ્લામાં ચુંટણી પ્રભાગ ગાંધીનગરની કચેરીના અધિક મુખ્ય નિર્વાચન અધિકારી આર.કે પટેલ દવારા મુલાકાત લેવામા આવેલ હતી, જેમા ૧૮ થી ૧૯ વય જુથના તથા ૨૦ થી ૨૯ વય જુથના યુવા મતદારો, જેન્ડર રેસીયો, ઈપી રેસીયો ઓછા હોય તેવા મતદાર મથકોની મુલાકાત લેવામાં આવી તથા જીલ્લા કક્ષાએ સ્થાનીક ઊછ્ય તથા અઊછ્ય સાથે મતદાર યાદી સુધારણા અંતર્ગત એક બેઠકનુ આયોજન કરવામાં આવેલ હતું તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી પંચમહાલ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# પાવાગઢ ફાયરિંગ બટ પર જવાનો ૧ સપ્ટેમ્બરથી ૩૧ ઓકટોબર સુધી કરશે ફાયરિંગ પ્રેક્ટિસ

ગોધરા,

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ-ગોધરા દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ રેન્જ તારીખ ૦૧/૦૯/૨૦૨૨ થી તા.૩૧/૧૦/૨૦૨૨ (બન્ને દિવસો સહિત) સેનાપતિ, રાજય અનામત પોલીસ દળ જુથ ૧, વડોદરાના યુનિટો માટે તથા રાજ્ય અનામત પોલીસ દળ જૂથ ૫, ગોધરાના યુનિટો માટે તથા રાજયના અન્ય પોલીસ દળો તથા મીલેટ્રી, એન.સી.સી., એરફોર્સ, એસ.આર.પી, યુનિટો માટે ફાયરીંગ પ્રેકટીસ કરવા માટે રીઝર્વ રાખવાનું અને સદર જમીનમાં ઉક્ત સમય દરમ્યાન બહારના કોઈપણ અનધિકૃત શખ્સ દાખલ થવું નહિ તેમ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા એ.એસ.આઈ કે તેથી ઉપલા દરજ્જાના તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાના ભંગ કરનાર સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવશે તેવું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# શહેરાના ઝોઝ ગામે ૧૦ ફુટના અજગરનું રેસ્કયુ કરાયુ

શહેરા,

ઝોઝ ગામે ખેતરમાં રાત્રિના સમયે આશરે ૧૦ ફુટ લાંબો મહાકાય મગર આવી ચઢ્યો હતો. જેને જોતા જ ખેતર માલિક સહિત રહિશોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. જેની જાણ રહિશો દ્વારા શહેરા વનવિભાગને કરાતા શહેરા નોર્મલ રેન્જના આર.એફ.ઓ.આર.વી. પટેલ સહિત ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને મહાકાય મગરને પકડવાનુ રેસ્કયુ ઓપરેશન હાથ ધર્યુ હતુ. રેસ્કયુ ઓપરેશનને પાર પાડી મહાકાય મગરનુ રેસ્કયુ કરી પકડી પાડ્યા બાદ મગરને સહી સલામત રીતે આગરવાડા પાસેથી પસાર થતી મહિસાગર નદીમાં છોડવામાં આવ્યો હતો.

# કાલોલના બોરૂ ગામે રહેણાંક મકાન માંથી ૨૧ કિલો માંસનો જથ્થો ઝડપાયો

કાલોલ,

કાલોલના બોરૂ ગામે રહેતા ઈસમ રહેણાંક મકાનમાં વેચવા માટે થેલામાં માંસ રાખતો હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૨૧ કિલો માંસના જથ્થો કબ્જે લેવામાં આવ્યો. વિસ્તૃત વિગતો પ્રમાણે કાલોલના બોરૂ ગામે રહેતા ઈદયનખાન પઠાણ પોતાના રહેણાંક મકાનમાં છુટક વેચવા માટે વિમલના થેલામાં માંસનો જથ્થો ભરી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી અને ૨૧ કિલો માંસ કિંમત ૪,૮૩૦/-રૂપીયાના મુદ્દામાલ કબ્જે લઈ માસના સેમ્પલ લઈ તપાસ માટે મોકલી આપવામાં આવ્યો. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરા ખાતે દિવ્યાંગ મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત યોજાઈ ચિત્રસ્પર્ધા

ગોધરા,

આવનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી SWEEP એક્ટિવિટી અંતર્ગત દિવ્યાંગ મતદાર જાગૃતિ કાર્યક્રમ' અંતર્ગત પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલી ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરામાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીના માર્ગદર્શન હેઠળ તારીખ ૨૮ ઓગષ્ટ ૨૦૨૨ ના રોજ એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ૭૦ જેટલા મૂક બધિર દિવ્યાંગ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ ચિત્ર સ્પર્ધાની મુખ્ય થીમ દિવ્યાંગો માટે સુગમ્ય મતદાન પ્રક્રિયા હતી. જેમાં ચૂંટણી આયોગ દ્વારા દિવ્યાંગો માટે જાહેર કરવામાં આવેલી મોબાઈલ એપ્લીકેશનને લગતા ચિત્રો પણ વિદ્યાર્થીઓ દ્વારા દોરવામાં આવ્યા હતા.

# શહેરાથી રેણા મોરવાને જોડતા માર્ગ ઉપર જોખમી વૃક્ષોથી વાહનચાલકોને જીવનુ જોખમ

ગોધરા,

ગોધરા અને શહેરાથી રેણા મોરવાને જોડતા મુખ્ય માર્ગ ઉપર પાનમ કેનાલ ક્રોસિંગ નજીક ત્રણ જેટલા વૃક્ષો જોખમી જણાય રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી આ વૃક્ષો રોડ સાઈડમાં નમી ગયા છે. જે જોખમી બન્યા છે.

ગોધરા અને શહેરાથી રેણા મોરવા, ગોકળપુરા સહિતના ગામોને જોડતો એકમાત્ર મુખ્ય માર્ગ આવેલો છે. આ માર્ગ ઉપર રાત-દિવસ વાહનોની સતત અવર જવર રહેતી હોય છે. અહિં પાનમ કેનાલ ક્રોસ કરે છે જેનાથી થોડે આગળ વળાંક આવેલો છે ત્યાં ત્રણ વૃક્ષો રોડની સાઈડમાં આવેલા છે જે રોડ બાજુ નમી ગયા છે. આ વૃક્ષો પડી જવાની સંભાવનાઓ અગ્રણિ વિનોદભાઈ પટેલ સહિત વાહનચાલકો અને રાહદારીઓ વ્યકત કરી રહ્યા છે. જો રાત્રિ દરમિયાન અથવા કોઈ વાહન પસાર થવાના સમયે આ વૃક્ષો પૈકી કોઈપણ વૃક્ષ ધરાશાયી થાય તો અહિંથી પસાર થતાં કોઈપણ વ્યકિત કે વાહનને નુકસાન થવાની શકયતાઓ નકારી શકાય તેમ નથી. જેથી સત્વરે આ નમી ગયેલા વૃક્ષો કાપી દુર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે.

વૃષભ : કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે. સમાજમાં શુભ ખર્ચાને કારણે તમારી ખ્યાતિ વધશે અને સામાજિક વર્તુળમાં પણ વધારો થશે.

મિથુન : ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

કર્ક : કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે, જેનાથી મનને શાંતિ પણ મળશે.

સિંહ : ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા : આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો છો તો પછીથી માત્ર લાભ થશે, પરંતુ કામમાં નવી તાજગી પણ આવશે.

તુલા : આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

વૃશ્ચિક : આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે. પ્રેમજીવનમાં મધુરતા રહેશે.

ધનુ : ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે. આજે તમે સમર્પણ સાથે જે પણ કાર્ય કરો છો તેનું ફળ તે જ સમયે પ્રાપ્ત થશે. ઘર અને ઓફિસના અધૂરા કામોને પતાવવાની તક મળશે.

મકર : આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

કુંભ : વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

મીન : આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ધસારાને લીધે તમે શારીરિક નબળાઈ અનુભવી શકો છો, જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## મધ્ય ગુજરાતના ઓબીસી સમાજને અનામતમાં થતા અન્યાય માટે સમર્પિત આયોગ અધ્યક્ષ સમક્ષ રજુઆત કરાઈ

દાહોદ,

પ્રાપ્ત વિગતો મુજબ ગઈ તા.૨૩/૦૮/૨૦૨૨ ના રોજ ઓ.બી.સી.અનામતની રજૂઆત બાબતે કલેક્ટર કચેરી બરોડા ખાતે મધ્ય ગુજરાતના ઓ.બી.સી.આગેવાનોની રજૂઆત સાંભળવા માટે સમર્પિત આયોગના અધ્યક્ષ અને નિવૃત્ત ન્યાયમૂર્તિ કલ્પેશભાઈ ઝવેરી તથા દાહોદ જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર એ.બી.પાન્ડોર્ની ઉપસ્થિતિમાં દાહોદ જિલ્લા બક્ષીપંચ સમાજના પ્રમુખ એફ.એસ. ડામોર દ્વારા ઓ.બી.સી. જાતિઓને અનામતમાં થતાં અન્યાય સામે મૌખિક તેમજ લેખિત રજૂઆત કરવામાં આવી. ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે ત્યારે રાજ્યમાં ૫૨ થી૫૫ ટકા વસ્તી ઓ.બી.સી.સમાજ ધરાવે છે. જેમા ૧૪૬ જ્ઞાતિઓનો સમાવેશ થાય છે. આજે પણ ઓ.બી.સી.સમાજના બહુમતી લોકોની સમાજિક, શૈક્ષણિક અને આર્થિક સ્થિતિ ખૂબજ નબળી અને દયામણી છે. આ ઉપરાંત નોકરીમાં અને રાજકીય ક્ષેત્રમાં પણ યોગ્ય પ્રતિનિધિત્વ જળવાતું નથી. આપણા બંધારણમાં પણ કલમ ૧૬ મુજબ સૌને અનામતનો હકક આપવામાં આવેલ છે.

આ ઉપરાંત લોકતંત્રના સિદ્ધાંત પ્રમાણે દરેક વર્ગની વસ્તીના પ્રમાણમાં યોગ્ય પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા અનામત મળવું જરૂરી છે. આયોગ દ્વારા બંધારણીય જોગવાઈઓને ધ્યાને લઈ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પણ ઓ.બી.સી. વર્ગનાં લોકોને તેની વસ્તીનાં પ્રમાણમાં તેનું યોગ્ય પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા ઓ.બી.સી.ની.બેઠકો નિયત કરવા માટે તથા વિધાનસભા, લોકસભાની તથા સ્થાનિક સ્વરાજ્યની સીટોની ઓ.બી.સી. સમાજની ૨૭% અનામતનો લાભ આપવો જોઈતો હોવાં છતાં હજી સુધી તે પ્રમાણે અપાયો નથી. જેનાં કારણે ઓ.બી.સી.સમાજ માત્ર મતદાર જ રહ્યો છે. આથી રાજકીય અને સરકારી નોકરીઓમાં ૨૭% અનામતનો લાભ આપવો જોઈતો હોવાં છતાં હજી સુધી તે અપાયો નથી. તાજેતરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ગ્રામ પંચાયત કક્ષાએ ૧૦% અનામતનો લાભ ઓ.બી.સી. સમાજને મળતો હતો તે પણ બંધ કરવામાં આવ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૨૭% અનામતની જોગવાઈનો લાભ આપવામાં આવે તેવી માંગણી છે. દાહોદ જિલ્લા ઓ.બી.સી.સમાજના પ્રમુખ એફ.એસ.ડમોર. દ્વારા રજુઆત જનતાના હિતમાં કરવામાં આવી છે.

## દાહોદ જિલ્લા રેડક્રોસ શાખા દ્વારા સુંદર-શોભા AC મેમોરિયલ હોલ અને કૌશલ્યા-ખુશાલી ફિઝિયોથેરાપી સેન્ટરનું લોકાર્પણ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ જીલ્લા શાખા દ્વારા સાંપ્રત સમયમાં રેડક્રોસની સિધ્ધિઓ તેનું મહત્વ તથા ભૂમિકાની ઝાંખી કરાવતા માનવ સેવાના મહાયજ્ઞમાં સહભાગી થવા તેમજ આ પ્રસંગે નવનિર્મિત સુંદર-શોભા AC મેમોરિયલ હોલ તથા કૌશલ્યા ખુશાલી ફિઝીયોથેરાપી સેન્ટરના લોકાર્પણ કાર્યક્રમ આજે તા.૨૮/૦૮/૨૦૨૨ને રવિવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકે પંડિત દીનદયાલ ઓડીટોરીયમ સ્વામી વિવેકાનંદ સંકુલ ગોવિંદનગર દાહોદ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ ગુજરાત રાજ્ય વિધાન સભાના ઉપાધ્યક્ષ તેમજ ચેરમેન પંચમહાલ ડેરી ગોધરા તથા ઉદ્દઘાટક તરીકે અજયભાઈ પટેલ ચેરમેન, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા તથા ચેરમેન ગુજરાત સ્ટેટ કો.ઓ બેંક લિમિટેડ, અતિથી વિશેષ તરીકે ડો.હર્ષિત ગોસાવી જીલ્લા સમાહર્તા અને પ્રમુખ, ઈલન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ, નેહા કુમારી જીલ્લા વિકાસ અધિકારી દાહોદ, એસ.જે. પંડ્યા પ્રાયોજના વહીવટદાર, રીનાબેન પંચાલ પ્રમુખ દાહોદ નગર પાલિકા, અજયભાઈ દેસાઈ વાઈસ ચેરમેન IRCS ગુજરાત બ્રાન્ચ, ગોધરાના પરેશભાઈ ચૌહાણ તેમજ અન્ય મહાનુભાવો તથા જિલ્લાની કો-ઓપેરેટિવ બેન્કોના ચેરમેન તથા દાહોદના નગરજનો હાજરીમાં રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉદ્દઘાટક અજય પટેલ દ્વારા કહેવામાં આવ્યું કે દાહોદમાં રેડ ક્રોસ સોસાયટી દ્વારા ફક્ત એક બ્લડ બેંકની ઓળખ નથી ઊભી કરવાની પરંતુ અનેકવિધ પ્રકારના અન્ય કાર્ય પણ કરવાના છે. તેમાં જ આ બે નવા સોપાનનું આજે ઉદ્દઘાટન કરતા આનંદની લાગણી અનુભવું છું અને સાથે સાથે દાહોદ રેડક્રોસ સોસાયટીને રૂપિયા ૨૫ લાખનું માતબર દાન પણ આપ્યું હતું. આભાર વિધિ રેડક્રોસ સોસાયટી, દાહોદના ખજાનચી વિકાસભાઈ ભૂતા દ્વારા કરવામાં આવી હતી. વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ દ્વારા કહેવામાં આવ્યું કે, અજયભાઈ પટેલ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીને જે રીતે શિખર ઉપર લઈ જવામાં આવી રહ્યું છે. તે અકલ્પનીય છે અને તેઓએ ગુજરાત રાજયના ૩૩ જિલ્લામાં આવેલ રેડક્રોસ સોસાયટીના જે સેન્ટર છે. તે દરેક જગ્યાએ રૂપિયા ૨૫ લાખ પોતાનું નામ નહીં આપવાનું તેમ કહી દાન પેટે આપવાની જાહેરાત કરેલ છે, તેનાથી જ પ્રેરણા લઈ વિધાનસભાના ઉપાધ્યક્ષ અને પંચમહાલ ડેરી ગોધરાના ચેરમેન એવા જેઠાભાઈ ભરવાડ દ્વારા પણ દાહોદ રેડક્રોસ સોસાયટીને રૂપિયા ૫ લાખનું ડોનેશન આપ્યું હતું. વધુમાં તેઓએ કહ્યું કે, હું દાહોદને આદિવાસી વિસ્તાર માનતો નથી. આદિવાસી વિસ્તાર તો પંચમહાલ છે. કારણ કે દાહોદમાં જમીનના ભાવ મુંબઈ કરતા વધુ છે માટે દાહોદ પાસે વધુ રૂપિયા અને સમૃધ્ધિ છે અને તેમને દાહોદ નગર પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલને ઉદ્દેશીને કહ્યું કે તમે પણ આ સંસ્થાને પોતાની રીતે આર્થિક મદદ કરવા ક્યાંક જમીન ફાળવી આપશો અને જ્યારે જરૂર પડે ત્યારે મદદ કરવા તત્પર બનશો. વધુમાં દાહોદ રેડક્રોસ સોસાયટીના ચેરમેન કે.એલ. રામચંદાનીના સુપુત્રી ગીતાબેન પરમાનંદ ડુંગાણી, વડોદરા તરફથી રૂપિયા ૩૫૦૦૦/-નો ચેક તથાં અંજલીબેન યોગેશકુમાર લોહાણા, કરાડ મહારાષ્ટ્ર તરફથી ૫૧૦૦૦/-નો ચેક જેઠાભાઈ ભરવાડ અને અજયભાઈ પટેલને એનાયત કરવામાં આવ્યો હતો.

## ભારે વરસાદમાં ઘર પડતાં પત્નીનું અસમય મૃત્યુ થતા લખાભાઈને રાજ્ય સરકારે રૂ.૪ લાખની સહાય આપી



દાહોદ,

રાજ્ય સરકાર કુદરતી આપદા સમયે માનવ મૃત્યુ થાય તો પરિવારને સહાય આપે છે. દાહોદનાં સિંગવડ તાલુકાના અનોપપુરા ગામના વતની પારગી લખાભાઈનું ઘર આ ચોમાસામાં ભારે વરસાદને કારણે પડી ગયું હતું. જેમાં તેમની પત્ની વાલમબેન મૃત્યુ પામ્યા હતા. ગત તા. ૯ ઓગસ્ટના રોજ બનેલી આ ઘટનામાં સાંસદ જસવંતસિંહ ભાભોરે તુરત જ અહીંના તાલુકા વિકાસ અધિકારીને સહાય માટે કાર્યવાહી કરવા જણાવ્યું હતું અને સિંગવડ તાલુકા પંચાયતે તાત્કાલિક જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી લખાભાઈ પારગીને રૂ. ૪ લાખની સહાય આપી હતી. સાંસદ જસવંતસિંહ ભાભોરે ગત તા. ૨૬ ઓગસ્ટના રોજ લખાભાઈના પરિવારને મળ્યા હતા અને સાત્વંના પાઠવી હતી. તેમજ સહાયનો ચેક આપ્યો હતો.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા બે દિવસીય શૈક્ષણીક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું



દાહોદ,

તા.૨૯/૦૮/૨૦૨૨, આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના માઈક્રોબાયોલોજીના વિદ્યાર્થીઓ માટે તા.૨૫ અને ૨૬ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ Sula vineyard, નાશિક, મહારાષ્ટ્ર ખાતે અભ્યાસીય મુલાકાત ગોઠવવામાં આવી હતી.

જેમાં ૨૪ વિદ્યાર્થીઓ અને ૫ સ્ટાફ સભ્યો જોડાયા હતા. આ મુલાકાત દરમ્યાન ફર્મેન્ટેશન પ્રક્રિયા, Microorganismનો કોમર્શિયલ ઉપયોગ અને પ્રક્રિયામાં વપરાતા સાધનો વિશેની માહિતી આપી હતી. તેમજ માઈક્રોબાયોલોજીના વિદ્યાર્થીઓ માટે આ વિષયમાં રહેલી વિવિધ તકો અને યોજનાઓ વિશે પણ જાણકારી આપી હતી.

આ શૈક્ષણીક પ્રવાસનું સંચાલન માઈક્રોબાયોલોજીના અધ્યાપકો સંદિપ પ્રજાપતિ, શિખા મોઢીયા અને કૃપાલી પરમાર દ્વારા કોલેજના પ્રિન્સિપાલ ડો.જી. જે. ખરાદીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



શ્રાવણ માસનાં છેલ્લા દિવસે યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય, ભારત સરકાર હસ્તકની કચેરી નેહરૂ યુવા કેન્દ્રના યુવા મંડળો દ્વારા જીલ્લાની ધાર્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસત સમા બાવકા શિવ મંદિર પર સ્વચ્છતા ડ્રાઈવનું આયોજન કરાયું હતું. જેમાં યુવા મંડળો, રાષ્ટ્રીય યુવા સ્વસેવકો અને યુવા મંડળનાં સભ્યો તેમજ ગ્રામજન પણ સહભાગી થયા હતા. સ્વચ્છતા ડ્રાઈવ અંતર્ગત વેસ્ટ પ્લાસ્ટિક એકત્રીકરણ, વૃક્ષારોપણ તેમજ પ્લાસ્ટિક નાબૂદી માટે કાપડની થેલીઓ ગ્રામજનોને વિતરણ કરાઈ હતી. આ પ્રસંગે ગ્રામજનોનો પણ ખૂબ સહકાર જોવા મળ્યો હતો. તે બદલ જીલ્લા યુવા અધિકારી અજીત જૈને તમામ લોકોને ધન્યવાદ પાઠવ્યા હતા.


## દાહોદ જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રભાઈ સોનીએ પ્રાકૃતિક ગણેશ સેન્ટરની મુલાકાત લીધી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદમાં ગોદી રોડ પર ''પ્રાકૃતિક ગણેશ મૂર્તિ ભંડાર'' આવેલું છે. જ્યાં અસંખ્ય સંખ્યામાં મન મોહીલે તેવા ગણેશજીની માટીની મૂર્તિઓ બિરાજમાન છે. ત્યારે હું આજે પ્રાકૃતિક મૂર્તિ સેન્ટર દાહોદની મુલાકાત લીધી અને દાહોદ જિલ્લાના સૌને અપીલ કરૂં છું કે, આપણા ઘરે શુદ્ધ, સાત્વિક, પ્રાકૃતિક ગણેશજી નિજ સ્થાપના કરીએ.

## દાહોદમાં મહાવીર જન્મકલ્યાણકની ઉજવણી



દાહોદ,

જૈન ધર્મના પાવન પર્વ પર્યુષણના પાંચમા દિવસ એટલે એકમના પાવન દિવસે દાહોદ જૈન સંઘ દ્વારા વહેલા સવારે ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના દેરાસર ખાતે પૂજા કરવામાં આવી. ત્યાર પછી સ્નાત્ર ભણાવવામાં આવ્યું અને પછી થયું શાંતિ કળશ અને બપોરે દોલતગંજ બજાર ઉપાશ્રયમાં પેહલા ચૌદ સ્વપ્નની બોલી બોલવામા આવી અને ત્યાર પછી દાહોદમાં બિરાજમાન સાધ્વીજી મહારાજ કલ્પવર્ષા શ્રીજી અને ભાવવર્ષા શ્રીજી દ્વારા ભગવાન શ્રી મહાવીર સ્વામીજીના જન્મનું વાંચન કરવામાં આવ્યું અને ભગવાનના જન્મના વાંચન બાદ સમગ્ર દાહોદ સંઘ દ્વારા પ્રભુને પારણાંમાં ઝુલાવી દાહોદ દોલતગંજ બજાર જૈન ઉપાશ્રય થી શોભાયાત્રા નીકળી ગાંધી ચોક, નેતાજી બજાર થઈ હનુમાન બજાર ચિંતામણી પારસનાથ દેરાસર ઉપર પૂર્ણ થઈ હતી. આ તમામ પ્રસંગે અઠ્ઠાઈ તપના તપસ્વીઓ તેમજ સમાજના શ્રાવક અને શ્રાવિકા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ ક્રિડા ભારતી દ્વારા જીલ્લાકક્ષાની પાવર લીફટીંગ ડેડ લીફટ સ્પર્ધા યોજાઈ



દાહોદ,

પાવરલીફટીંગ એસોશીએશન દાહોદ અને ક્રીડાભારતી દ્વારા દાહોદ માં પ્રથમ વખત જિલ્લા કક્ષાની પાવરલીફટીંગ ડેડલીફટ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં નેશનલ માટે પસંદગી કરવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં પાવરલીફટીંગ અને બોડી બિલ્ડિંગ ખેલાડીઓને આગળ સ્પર્ધામાં ભાગ લઇ આગળ વધી શકે તેવા શુભાશયથી પાવરલીફટીંગ એસોશીએશન દાહોદ અને ક્રીડા ભારતી દાહોદ સંયુક્ત ઉપક્રમે તા.૨૮ ના રોજ સરદાર પટેલ સ્ટેડિયમમાં પાવરલીફટીંગ ડેડલીફટીંગ વિભાગની સ્પર્ધા યોજાઇ હતી. જેમાં ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં જીલ્લા કક્ષાએ પ્રથમ આવનારા ૧૦ ખેલાડીઓનું નેશનલ માટે પસંદગી કરવામાં આવી હતી. આગામી સમયમાં તેઓ આગામી તા.૧૪ થી ૧૮ સપ્ટેમ્બરમાં તમિલનાડુના ચેન્નાઈ ખાતે ડેડલીફટીંગ ચેમ્પિયનશીપમાં ભાગ લેશે. એસોશીએશનના પ્રમુખ રવિન્દ્ર ભગત, મહામંત્રી રાહુલ સક્સેના, ઉપપ્રમુખ વિવેક વાખલા અને સભ્યોએ ખેલાડીઓને પ્રોત્સાહીત કરવા માટે મેડલ અને સર્ટીફીકેટ આપી સન્માનીત કર્યા હતા.

## ધાનપુરના પીપેરા ગામે પીકઅપ ગાડીમાં કત્તલના ઈરાદે લઈ જવાતી ભેંસો મળી આવી



દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપેરા ગામે દેવગઢ બારીઆ તરફથી આવતા લોડીંગ પીકપ ગાડીને પોલીસે રોકવાનો ઈશારો કરતા પીકઅપ ગાડીનો ચાલક ગાડી સ્થળ પર મૂકીને ભાગી ગયો હતો. જોકે ગાડી નો ક્લીનર ઝડપાઈ ગયો હતો. પોલીસે પીકપ ગાડીની તલાસી લેતા તેમાંથી કતલખાને લઈ જવાથી ભેંસો મળી આવી હતી. ધાનપુર તાલુકાના પીપેરો ગામે તપાસમાં આવેલી દાહોદ એલસીબી તેમજ ધાનપુર પોલીસની સંયુક્ત કામગીરી હેઠળ દેવગઢ બારીઆ તરફથી આવતીપીકપ ગાડી શંકાસ્પદ લગતા ધાનપુર પોલીસ અધિકારીઓ ગાડી રોક્વાનો પ્રયાસ કરતા ડાઈવરે ગાડી પોલીસ ઉપર મારીને પિપેરોથી લીમખેડા તરફ ભાગતા અગાસવાણી ચોકડીથી ચોરબારીયા નાકટી ગામ આવતા રસ્તામાં દાહોદ એલસીબી પોલીસ અને ધાનપુર પોલીસ પકડી પાડ્યા હતા. જ્યારે ડાઈવર ગાડી છોડીને ભાગી છુટ્યો હતો. જો કે, કંડકટર પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં કંડકટરના જણાવ્યા અનુસાર પીક્પ ગાડી ચિરાગભાઈ છે અને ભેસોં કતલખાનામાં લઈ જવાતી હતી. હાલ ધાનપુર પોલીસે પ્રાણીકૃતા અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

## દાહોદના રામપુર ગામે શાળા માંથી તસ્કરોએ ૭૫ હજારના મત્તાની ચોરી કરી

દાહોદ,

દાહોદ તાલુકાના રામપુર ગામે આવેલ એક શાળામાં તસ્કરોએ હાથફેરો કરી શાળામાં મુકી રાખેલ સરસામાન કુલ રૂા.૭૫,૦૦૦ની મત્તાની ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૭મી ઓગષ્ટના રોજ રામપુરા ગામે આવેલ એક શાળામાં રાત્રીના કોઈપણ સમયે અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી શાળામાં પ્રવેશ કરી શાળાના મકાનના દરવાજાનું તાળુ તોડી પ્રવેશ કર્યો હતો અને મકાનમાં મુકી રાખેલ પંખા નંગ.૪, એક એલ.ઈ.ડી., એક મોબાઈલ ફોન, મોનીટર, પ્રિન્ટર, સીપીયુ વિગેરે મળી કુલ રૂા. ૭૫,૦૦૦ની ચોરી કરી તસ્કરોએ કેમેરા કંટ્રોલ અને ઈલેક્ટ્રીક વાયરોની તોડફોડ કરી નુકસાન પહોંચાડી નાસી જતાં આ સંબંધે દાહોદ શહેરમાં આવેલ રાજ કૃપા સોસાયટી, જીવનદીપ ઝાલોદ રોડ ખાતે રહેતાં અને શાળામાં ફરજ બજાવતાં સાવિત્રીબેન બદુભાઈ રાઠોડે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ભરતી પરીક્ષા, તાલીમ, કામગીરી એકસમાન, છતાં ગ્રેડ પેમાં અન્યાય

## બિનસચિવાલય કારકુનોની સમાન વેતન, પગાર ધોરણ સુધારવા મહીસાગર જિલ્લા અધિક કલેક્ટરને આવેદન પત્ર આપ્યું



લુણાવાડા,

બિનસચિવાલય કારકુન વર્ગ-૩ના કર્મચારીઓને સચિવાલય અને મહેસુલ ખાતાના કર્મચારીઓ સમાન વેતન તેમજ પગાર ધોરણ સુધારા બાબત માગણી કરતી રજુઆત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને કરવામાં આવી હતી.

આ મામલે મહીસાગર જિલ્લા સેવા સદન ખાતે અધિક નિવાસી કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. બિન સચિવાલય કારકુનોએ કરેલી રજુઆતમાં જણાવાયું હતું કે, એક જ ભરતી એક જ પરીક્ષા એક જ તાલીમ અને કામગીરી પણ એક જ હોવા છતાં અમોને પ્રથમ બઢતી ૨૪૦૦ ગ્રેડ પેમાં આપવામાં આવે છે. જ્યારે અમારી સાથે ભરતી થયેલા મહેસુલ વિભાગના અને સચિવાલયના ક્લાર્કને પ્રથમ બઢતી ૪૪૦૦ ગ્રેડ પેમાં આપવામાં આવે છે. જે ખરેખર અન્યાય છે. રજુઆતમાં ઉમેર્યું હતું કે, મહેસુલી ખાતાનો કર્મચારી જુનિયર કારકુન (૧૯૦૦ ગ્રેડ-પે)માંથી ભરતી થઈને અનુક્રમે નાયબ મામલતદાર (૪૪૦૦ ગ્રેડ પે) અને મામલતદાર વર્ગ-૨ (૪૬૦૦ ગ્રેડ પે) થઈને નિવૃત્ત થાય છે. જ્યારે સચિવાલયનો કર્મચારી જુનિયર કારકુન (૧૯૦૦ ગ્રેડ પે) (હાલ ઓફિસ આસીસ્ટન્ટ)માંથી ભરતી થઈને ડેપ્યુટી સચિવમાં નિવૃત્ત થાય છે. સામે આ બે ખાતા સિવાયના અન્ય ખાતાના કર્મચારીઓ જે એક જ ભરતી એક જ પરીક્ષા અને એક જ તાલીમ તેમજ કામગીરી પણ એક જ હોવા છતાં જુનિયર કારકુનમાં (૧૯૦૦ ગ્રેડ પે) ભરતી થઈને જુનિયર કારકુનમાં જ નહિ તો વધીને સિનિયર કારકુન/હિસાબનીશ (૨૪૦૦ ગ્રેડ પે)માં નિવૃત્ત થઈ જાય છે. અમારી માંગણીઓ સંતોષવામાં આવે તો સચિવાલય, મહેસુલ અને અન્ય તમામ ખાતામાં પગાર ધોરણમાં એકસૂત્રતા જળવાશે અને કર્મચારીઓમાં કામગીરીનો ઉત્સાહ જળવાશે.

## દાહોદ અર્બન કો.ઓ. બેંકમાં ડાયરેકટર અને શાખ કમિટી બિનહરિફ

દાહોદ,

દાહોદ અર્બન કો.ઓપરેટિવ બેંકમાં સમય મર્યાદા પુરી થતાં ખાલી પડેલ બોર્ડ ઓફ ડાયરેકટરની ૧૩ અને શાખ કમિટીની ૧૩ બેઠક માટે કોઈ હરિફ ઉમેદવાર ન રહેતા બિનહરિફ જાહેર થઈ હતી. દાહોદ અર્બન કો.ઓ.બેંકમાં સમરસ થવાના કારણે છેલ્લા ૨૫ વર્ષથી ચુંટણી થઈ નથી.

રાજયમાં આગવુ સ્થાન ધરાવતી અને દાહોદ જિલ્લામાં આગલી હરોળની ગણાતી દાહદ અર્બન કો.ઓ.બેંકમાં ડાયરેકટરની ૧૩ અને શાખ કમિટીની ૧૩ બેઠકના સભ્યોની સમયમર્યાદા પુરી થતાં આગામી ૨૦૨૨ થી ૨૦૨૭ પાંચ વર્ષ આ બંને વિભાગની ચુંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. બંને વિભાગને ૧૩/૧૩ બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરાયા હતા. પરંતુ ખાતેદારો અને સભાસદો તેમજ ઈચ્છુક સભ્યની સમજણને કારણે વધારાના ઉમેદવાર નહિ રહેતા બોર્ડ ઓફ ડાયરેકટરની ૧૩ અને શાખ કમિટીને ૧૩ બેઠક બિનહરિફ થઈ હતી. દાહોદ અર્બન બેંકમાં વહીવટી પ્રક્રિયા સરળ તેમજ સભાસદો અને ખાતેદારોની બેંકની વ્યવસ્થાપક કમિટી ઉપર વિશ્વાસને લઈને છેલ્લા ૨૫ વર્ષથી ચુંટણી થઈ નથી. બેંકની વ્યવસ્થાપક કમિટીએ ચુંટણી સમરસ કરવામાં સહકાર આપવા બદલ સભાસદો અને ખાતેદારો સૌ કોઈનો આભાર માન્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.08

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા LCB પોલીસે

# ગુજરાત, મહારાષ્ટ્ર, એમ.પી., રાજસ્થાન માંથી બાઈક ચોરીના ૧૫ ગુનાઓ ડિટેક્ટ કર્યા

ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસ પરવડી ચોકડી પાસે વાહન ચેકીંગમાં હતા. દરમિયાન નંબર વગરની બાઈક લઈ પસાર થતાં ઈસમને રોકીને બાઈકના કાગળો માંગતા પુરાવા રજુ કર્યા ન હતા. પોલીસે શંકાના આધારે પોકેટકોપ તથા ઈ-ગુજકોપમાં સર્ચ કરી તપાસ કરતાં બાઈક ચોરીની ફરિયાદ દામાવાવ નોંધાઈ હતી. પોલીસે પકડાયેલ ઈસમની પુછપરછ કરતાં તેના ત્રણ સાગરીતો એ તેના ઘરે મુકી રાખેલ ૧૯ ચોરીના બાઈકો રીકવર કરવામાં આવી.



પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી.પોલીસ પરવડી ચોકડી પાસે વાહન ચેકીંગમાં હતા. દરમિયાન નંબર વગરની બાઈક લઈ પસાર થતા ઈસમ ધારસીંગ ઉડારસીંગ વસુનીયા રહે. માચવત, તા. ભાભરા, એમ.પી. પાસેથી બાઈકના કાગળો માંગતા પુરાવો ન હોવાનું જણાવતા પોલીસે બાઈકના એન્જીન અને ચેસીસ નંબર પોકેટ કોપ તથા ઈ-ગુજકોપમાં નાંખી સર્ચ કરતા બાઈક માલિકનું નામ રાકેશ સબુડા ડામોર રહે. ભાજીયાણા, તા.અલીરાજપુર હોવાનું તેમજ બાઈક ચોરી સંબંધે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાયેલ હોવાનું સામે આવ્યું હતું. એલ.સી.બી. પોલીસે પકડાયેલ ધારસીંગ વસુનીયાની પુછપરછ કરતાં તેના સાગરીતો ૧.ભારત ખુમસીંગ અજનાર રહે. પીપલવાના, તા.કુક્ષી, એમ.પી., ૨. ઉસ્તાદ ખુમસીંગ અજનાર, ૩. ભાઈજાન રીછુમીનાવા રહે. ગુડદલીયા, તા. કુક્ષી કોઈ જગ્યાએથી અલગ અલગ કંપનીની ચોરીની ૧૯ બાઈકો વેચાણ માટે મારા ઘરે રાખેલ હોય જેના આધારે પોલીસે ચોરીની ૧૯ બાઈકો રીકવર કરી હતી અને તમામ બાઈકોના ચેસીસ અને એન્જીન નંબરના આધારે પોકેટ કોપ અને ઈ-ગુજકોપમાં સર્ચ કરી મોટર સાયકલ માલિકનો સંપર્ક કર્યો છે.

- ચોરીની ૨૦ બાઈકો રીકવર કરી.
- એક ઈસમને ઝડપ્યો.

### LCB પોલીસે ચોરીના ગુના ડીટેકટ કર્યાની વિગતો

- પંચમહાલ- દામાવાવ પોલીસ.
- વડોદરા- મકરપુરા, છાણી, બાપોદ પોલીસ મથક.
- મધ્યપ્રદેશ- પીથમપુર, રાણાપુર, ઝાબુઆ, નોગાવ, બાગ, ચાંદલા પોલીસ મથકોની ચોરીની બાઈકો.
- રાજસ્થાન- કલીજરા, સજ્જનગઢ.
- મહારાષ્ટ્ર- સોલાપુર ગ્રા., પંઢરપુર પોલીસ મથકે.

# પંચમહાલ જિલ્લા આરોગ્ય વિભાગની ICDS શાખામાં ફરજ બજાવતા મુખ્ય સેવિકા બહેનો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી

ગોધરા,

પંચમહાલ જિલ્લા આરોગ્ય વિભાગના ICDS શાખામાં ફરજ બજાવતા મુખ્ય સેવિકા બહેનો દ્વારા આજે મુખ્ય સેવિકા અને કર્મચારી યુનિયન ના નેજા હેઠળ જિલ્લા કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર આપીને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યુ હતુ કે મહિલા અને બાળવિકાસ વિભાગની અતિ મહત્વની કામગીરી અમારા દ્વારા કરવામાં આવે છે. ત્યારે અમારી કેટલીક પડતર માંગણીઓ છે. જેનો વહેલી તકે ઉકેલ લાવવામાં આવે. જેમાં જૂની પેન્શન યોજના ચાલુ કરવામાં આવે. મુખ્ય સેવિકાઓનો ગ્રેડ પે વધારવામાં આવે. એક જ પ્રકારના કેડરના કામ કરતા કર્મચારીઓની વિસંગતતાઓ દૂર કરવામાં આવે.નિવૃત્તિ મર્યાદાવય ૬૦ વર્ષ કરવામાં આવે. પાંચ વર્ષના ફીક્સ પગાર નિમણુંકને સળંગ દાખલ તારીખથી સર્વિસ ગણી પગાર સહિતનાં લાભો




આપવા આદેશ કરવામાં આવે તથા નાણાં ખાતાનાં પરિપત્રનો કડક અમલ કરવામાં આવે. રાજય સરકારના વિભાગોની જેમ સિનિયોરીટીનાં ધોરણે પ્રમોશન આપવામાં અને પ્રમોશન માટેની ખાતાકીય પરિક્ષાની પ્રથા રદ કરવામાં આવે. સીધી ભરતીથી નિમણુંક પામેલ મૂખ્ય સેવિકાઓ આકરી પરિક્ષા આપીને નિમણુંક પામેલ છે તેને માટે ખાતાકીય પરિક્ષા જરૂરી નથી. જયારે ૫૦ વર્ષની ઉંમર વિતાવેલ હોઈને મુખ્ય સેવિકાની ખાતાકીય પરિક્ષા લેવાતી હોઈને તે રદ કરવી જોઈએ,જયારે તમામ પરિક્ષાઓ પૂરતી ટ્રેનીંગ આપી પૂરતો સમય આપીને નિયમિત લેવી જોઈએ, તાજેતરમાં વર્ગ-૩ માંથી વર્ગ-૨ માં પ્રમોશન માટે લેવાયેલ પરિક્ષામાં ૩૩૦ માંથી ૩૩૦ તમામ મૂખ્ય સેવિકાઓ નાપાસ કરવાનું પરિણામ અશક્ય છે તેથી તેની તપાસ યોજી મૂખ્ય સેવિકાઓને ન્યાય મળવો જોઈએ, પરમેનન્ટ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ (પી.ટી.એ.) અને ઘરભાડું લાંબા સમયથી વધારવામાં આવેલ નથી. પી.ટી.એ.માં ૮ કિલોમીટર ત્રિજીયાની જોગવાઈ રદ કરવામાં આવે. તેમજ ૩૦૦ % નો વધારો કરવામાં આવે. (પેટ્રોલ-ડીઝલનાં વધારા-ઘરભાડામાં થયેલ વધારો લક્ષ્યમાં લેવો જોઈએ. પી.ટી.એ. ૧૯૯૧ થી વધારો થયેલ નથી. પ્રમોશનની નિમણુંકમાં ફીક્સ પગારની પાંચ વર્ષની નીતિ અન્ય કોઈ વિભાગમાં નથી. તેમ તાર્કીક પણ નથી તેથી તે રદ કરવામાં આવે, તમામ મૂખ્ય સેવિકાઓને પ્રમોશનની ખાતાકીય પરિક્ષા આપાવની છૂટ આપવામાં આવે વગેરે જેવી વિવિધ માંગણીઓનો ત્વરિત નિકાલ લાવવા માંગ કરવામાં આવી હતી.

# કાલોલના ઘુસર ગામની સીમમાં બાવળના ઝાડ સાથે પ્રેમી પંખીડાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

કાલોલ,

કાલોલ તાલુકાના ઘુસર ગામની સીમમાં નદીના પટની બાજુ બાવળના ઝાડ સાથે પ્રેમી પંખીડાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી નાખ્યું. બનાવની જાણ છતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતદેહ નીચે ઉતારી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના ઘુસર ગામની સીમમાં નદીના પટની બાજુમાં બાવળના ઝાડ ઉપર યુવક-યુવતિ પ્રેમી પંખીડાએ દુપટ્ટા વડે ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો. ગ્રામજનોએ ઝાડ ઉપર પ્રેમી પંખીડાના લટકતા મૃતદેહ અંગે વેજલપુર પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહને ઝાડ ઉપર થી નીચે ઉતારી હતી. પુછપરછ દરમિયાન મૃતક યુવક ખડેવાર ગામનો અને યુવતિ પરૂણા ગામની હોવાનું સામે આવ્યું છે. યુવક-યુવતિને પ્રેમી પંખીડાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી નાખ્યું. પોલીસે બન્ને મૃતદેહને સરકારી દવાખાનામાં પી.એમ. અર્થે ખસેડવામાં આવી છે. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પાવાગઢ દર્શને આવેલ કરજણના યુવકનું ડુંગર ચઢતા ગભરામણને લઈ મોત

હાલોલ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે દર્શનાર્થે આવેલા કરજણના ચાર યુવકો પૈકી એક યુવકને ડુંગર પર ચઢતા ગભરામણ થતાં તેને તાત્કાલિક ડુંગર પરથી નીચે લાવી હાલોલ રેફરલમાં ખસેડતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા જિલ્લાના કરજણની ચાર યુવકો માતાજીના દર્શનાર્થે પાવાગઢ ખાતે આવ્યા હતા. યાત્રિકોનો ધસારો વધારે હોવાના કારણે રોપ-વે માં જવા માટે મોટી સંખ્યામાં ભકતો લાઈનો લગાવીને ઉભા રહેતા કલાકો પછી નંબર લાગતો હોવાના કારણે કરજણના આ ચારેય મિત્રો ડુંગર પર ચાલીને છુટા છવાયા આગળ-પાછળ ચાલતા હતા દરમિયાન આ ચારેય મિત્રો ડુંગરની ટોચ પર આવેલા રોપ-વે અપર સ્ટેશનની નજીક પહોંચવાની તૈયારીમાં હતા ત્યારે તેમની પાછળ ડુંગર પર ચઢતા મિત્ર અવિનાશ વસાવા (ઉ.વ.૨૯, રહે.કરજણ)નો તેઓ પર ફોન આવ્યો હતો. જેમાં તેઓને અવિનાશે જણાવ્યુ હતુ કે મને છાતીમાં થોડી ગભરામણ થાય છે. આથી તમામ મિત્રો ભેગા થયા હતા અને અવિનાશની શોધખોળ આદરી હતી. તે દરમિયાન અન્ય યાત્રાળુઓ તેમજ સ્થાનિક લોકો એકત્રિત થઈ ગયા હતા. મિત્રની અચાનક તબિયત બગડતા મિત્રો પણ ગભરાઈ ગયા હતા. અને લોકોની મદદ મેળવી ભારે જહેમદ બાદ અવિનાશને રોપ-વે દ્વારા નીચે ઉતારી ૧૦૮ મારફતે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લાવ્યા હતા. જયાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરતા મિત્રોમાં માતમ છવાઈ ગયો હતો.

# પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ગમન બારીયાના મુવાડા ગામ ખાતે નવા આરોગ્ય કેન્દ્રનું કરાયું લોકાર્પણ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ગમન બારિયાના મુવાડા ગામે ખાતે નવિન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર) નું ''લોકાર્પણ'' ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ અને શહેરના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાળી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના દ્વારા આધુનિક સુવિધાથી



સજ્જ આ આરોગ્ય કેન્દ્રની નવીન ઈમારત બનાવામા આવી છે. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા આરોગ્ય કેન્દ્રના પ્રવેશ દ્વારે રીબીન કાપીને જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ સાથે તેમણે આ સેન્ટરમા આપવામા આવેલી સુવિધાઓનુ નિરિક્ષણ કર્યુ હતુ.

આ પ્રસંગે તેમણે ઉપસ્થિત ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે સરકારની વિવિધ યોજનાઓ દ્વારા ગુજરાતના દરેક ગામમાં માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત થઈ છે. આજે ગ્રામ્ય લેવલે હેલ્થ સેન્ટર શરૂ થયા છે તથા સારવાર પણ ઉપલબ્ધ બની છે. આજે સરકારી હોસ્પિટલો અદ્યતન બની છે તથા શ્રેષ્ઠ દવાઓ પણ ઉપલબ્ધ થઈ છે.

આજના આ પ્રસંગે ન્યાય સમિતિના ચેરમેન મણીબેન, ડો.કિરણસિંહ, મામલતદાર શહેરા, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કાલોલ તાલુકાના મનોરપુરી ગામમાં સ્મશાન ઘર અને રસ્તાની સુવિધાનો અભાવે ગ્રામજનોમાં આક્રોશ

- મનોરપુરીના ગ્રામજનોઓ આક્ષેપ ચુંટણી સમયે આશ્વાસન પણ પછી સામે જોતું નથી.
- સ્મશાન જવાના રસ્તાના અભાવે પરેશાની.

કાલોલ,

કાલોલ તાલુકાના કરોલી પંચાયતમાં આવેલ મનોરપુરી ગામ પાયાની સુવિધાઓથી વંચિત રહ્યું છે. સ્મશાન જવાના માર્ગ ઉપર કાદવ-કીચડ માંથી મૃતદેહ લઈને સ્મશાન જવા મજબુર ગ્રામજનોમાં સુવિધાના અભાવે ભારે આક્રોશ જોવા મળ્યો.

કાલોલ તાલુકાના મનોરપુરી ગામમાં વિકાસના કામો થયા નથી. તેમાં પણ પાયાની જરૂરીયાતો થી પણ વંચિત છે. ગામમાં અંતિમ સંસ્કાર માટે સ્મશાન બનાવવામાં આવ્યું નથી. ગામના લોકો નદી કિનારે ખુલ્લામાં સ્મશાન વિધી કરવી પડે છે. તેમાં પણ ચોમાસાની સીજનમાં



તસ્વીર : નુર બાલા, વેજલપુર

સ્મશાનનો અભાવ ખુલ્લામાં અંતિમ વિધી કરવાની હોય છે. તેમાં પણ ગામથી સ્મશાન જવા માટેના રસ્તાની સુવિધા નથી. જેને લઈ ગ્રામજનોને અંતિમ સંસ્કાર માટે મૃતદેહને કાદવ-કિચડવાળા રસ્તા માંથી સ્મશાન સુધી લઈ જતાં ભારે તકલીફનો સામનો કરવો પડે છે. મનોરપુરી ગામના લોકોમાં સરકારી તંત્ર તેમજ સ્થાનિક નેતાઓ સામે ભારે નારાજગી વ્યકત કરી છે. મનોરપુરી ગામના લોકોના જણાવ્યા પ્રમાણે સ્મશાનની સુવિધા અને રસ્તાની સમસ્યાને લઈ જીલ્લા કલેકટરને રજુઆત કરાશે. જો ગામની પાયાની સુવિધા માટે કાર્યવાહી ન થાય તો ગાંધી ચિંધ્યા માર્ગ આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.




ગુજરાત રાજય યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ સંચાલિત અને જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી પંચમહાલ દ્વારા આયોજિત કલા મહાકુંભ ૨૦૨૨ તાલુકા કક્ષાની સ્પર્ધા એમ.આર. હાઈસ્કુલ અડાદરા, કાલોલ મુકામે કરવામાં આવેલ. આચાર્ય ગૌરાંગ જોશીની પ્રેરણા અને કાજલબેન બારોટના માર્ગદર્શન હેઠળ જુદા જુદા પાંચ વિભાગોમાં ૨૭ જેટલા બાળકોએ ભાગ લીધેલ હતો. જેમાં રાસ-ગરબા વિભાગમાં એ..જી.. ગોકુલ આવો ગિરધારી.. રાસ કૃતિ રજુ કરી પ્રથમ ક્રમની સિધ્ધિ હાંસલ કરેલ તેમજ શાળાની બીજી ટીમના સ્પર્ધકોએ લગ્ન ગીત વિભાગમાં પ્રથમ નંબર મેળવતા સમગ્ર શાળા પરિવાર તરફથી વિજેતાઓને અભિનંદન આપવામાં આવ્યા હતાં. શાળાના તમામ બાળકો થકી તમામ વિજેતા ટીમના સભ્યોનું સન્માન કરવામા આવેલ. વિજેતા સ્પર્ધકો આગામી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરે તે માટે તેઓના વાલીગણ અને એસએમસી સભ્યો એ શુભકામનાઓ પાઠવી હતી.

# ઘોઘંબા નગરમાં ''કોબ્રા કા રાજાનું'' આગમન



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા નગરમાં ગણેશ મહોત્સવ પૂર્વે ''કોબ્રા કા રાજાનું'' આગમન થઈ રહ્યું છે. આજે ઘોઘંબા નગરના કોબ્રા યુવક મંડળ દ્વારા ''કોબ્રા કા રાજાને'' વાજતે ગાજતે લાવવામાં આવ્યા હતાં. નગરમાં પધારી રહેલા ''કોબ્રા કા રાજાને'' જોવા માટે મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા. ડીજે ના તાલ સાથે ભકતોના નાચગાન વચ્ચે ઘોઘંબા નગર પધારેલા ગણેશજીને એસ.એચ. વરીયા હાઈસ્કૂલ થી જુના બસ સ્ટેન્ડ સુધી લાવવામાં આવ્યા હતા.

# શહેરા નગરના ઢાકલીયા તરફ જતા રસ્તા પર બે ઓરડામાં છૂપી રીતે ચાલતા કતલખાના પર પોલીસની રેડ

શહેરા,

શહેરા નગરના ઢાકલીયા તરફ જતા રસ્તા પરથી પોલીસે કતલખાના પર રેડ કરતા એક ઓરડામાં પાણી અને ઘાસચારા વગર બાંધી રાખેલા ૧૨ જેટલા ગાય સહિતના પશુઓને બચાવી લઈને પાંજરાપોળ ખાતે મોકલી દેવામાં આવવા સાથે બીજા ઓરડા માંથી ૫૨૯ કિલો ગૌમાંસનો જથ્થો મળી આવ્યો હતો. પશુઓના ચામડા અને અંગો પણ સ્થળ પરથી મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસે ગાય, વાછરડા સહિતના ૧૨ પશુઓ અને ૫૨૯ કિલો ગૌમાંસનો જથ્થો મળીને અંદાજિત રૂપિયા બે લાખનો મુદ્દામાલ જપ્ત કરીને સ્થળ પરથી પકડી પાડેલ એક કસાઈની પૂછપરછ હાથ ધરવામાં આવેતો અનેક નામો ખુલી શકે તેવી શક્યતા જોવાઈ રહી છે.

શહેરા નગરના ઢાકલીયા ગામ તરફ જવાના માર્ગ પર આવેલ બે ઓરડામાં ઈદરીશ રસીદ બેલીમ ગાય, દુધાળા ઢોરો અને નાના



તસ્વીર : તુષાર દરજી, શહેરા

વાછરડા કતલ કરીને ગૌમાંસનો ગેરકાયદેસર વેપલો કરતા હોવાની માહિતી પોલીસને મળી હતી. પોલીસને મળેલી માહિતીના આધારે પોલીસ સ્ટાફ તેમજ જી.આર.ડી અને હોમગાર્ડના જવાનોએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈ રેઈડ કરતા અફરાતફરીનો માહોલ અને નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા.

પોલીસ દ્વારા બે ઓરડાની સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતા ત્યાં જોવા મળતા દ્રશ્યોને જોતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. સ્થળ પરથી કતલ કરવાના ઈરાદે ગાય, વાછરડા સહિતના ૧૨ જેટલા જીવતા પશુઓ મળી આવવા સાથે પશુઓના હત્યા કરાયેલા ચામડા અને ગૌમાંસનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૫૨૯ કિલો ગૌમાંસનો જથ્થો કબજે લઈ તેના પૃથ્થકરણ માટે સ્થળ પર પશુ ચિકિત્સકને બોલાવવામાં આવ્યા હતા અને તેઓ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા હતા. ત્યારબાદ નગરપાલિકાના સફાઈ કર્મીઓ દ્વારા તમામ જથ્થાનો જમીનમાં દાટી દઈ નાશ કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખીય છે કે, ગેરકાયદેસર ગૌમાંસનો આટલો મોટો જથ્થો દોઢ મહિનામાં બીજી વખત પોલીસ દ્વારા પકડવામાં આવ્યો હોય ત્યારે હજુ પણ અનેક જગ્યાએ છુપી રીતે આવા કતલખાના ચાલતા હશે તો નવાઈ નહી, પોલીસે કતલખાના પરથી કસાઈ ઈદરીશ રસીદ બેલીમ રહે. ચોકીયા ફળિયા શહેરાની ધરપકડ કરવામાં આવવા સાથે પકડાયેલ કસાઈની પૂછપરછ માં બીજા અન્ય ઈસમોના નામો ખુલી શકે તેવી શક્યતા રહેલી છે. પોલીસ એ કતલખાના પરથી ગાય, વાછરડા સહિત ૧૨ પશુઓ તેમજ ૫૨૯ કિલો ગૌમાંસનો જથ્થો મળીને અંદાજીત રૂપિયા બે લાખનો મુદ્દામાલ સાથે એક કસાઈની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે. પોલીસ દ્વારા પકડી પાડેલા આરોપીના રિમાન્ડ મેળવીને વધુ પૂછપરછ સાથે તપાસ કરવામાં આવેતો અન્ય નામો ખુલી શકે તેવી શક્યતા રહેલી છે.